(સને ૧૮૬૭ ના ૨૫ મા ઍક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી છે.)

પહેલી આવૃત્તિ] [પ્રત ૧૦૦૦

સંવત્ ૧૯૮૨] [સને ૧૯૨

કીંમત રૂ. ૦—૬—૦

શાન્તિવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં ઇશ્વરલાલ કેશવલાલ અને
માણેકલાલ મ[illegible]વજીએ છાપી. ઢીકવા ચોકી—અમદાવાદ.

નવીન પદ્ધતિ પ્રમાણે નકશાઓ સાથે શીખવવાની

હિંદુસ્તાનની ભૂગોળ.

(ભૂમાન અને ભૂતળ વિદ્યા સાથે)

છપાવી પ્રસિદ્ધ કર્તા.

ચુનીલાલ દામોદરદાસ ગાંધી.

આસી. ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેક્ટર.

નડીઆદ—જીલ્લો ખેડા.

અને

માસ્તર ચીમનલાલ જીભાઈ.

ઈંગ્લીશ સ્કુલ—કલોલ.

નવીન પદ્ધતિ પ્રમાણે નકશાઓ સાથે શીખવવાની

હિંદુસ્તાનની ભૂગોળ.

(ભૂમાન અને ભૂતળ વિદ્યા સાથે)

છપાવી પ્રસિદ્ધ કર્તા.

ચુનીલાલ દામોદરદાસ ગાંધી.

આસી. ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેકટર.

નડીઆદ — જીલ્લો ખેડા

અને

માસ્તર ચીમનલાલ જીભાઇ.

ઇંગ્રેજી સ્કુલ—કલોલ.

પહેલી આવૃત્તિ] —— ० —— [પ્રત ૧૦૦૦

સંવત્ ૧૯૮૨] [સને ૧૯૨૬

કીંમત રૂ. ०—૬—०

શાન્તિવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં ઇશ્વરલાલ કેશવલાલ અને માણેકલાલ માધવજીએ છાપી. દીકવા પોળ—અમદાવાદ.

નકશાઓ ઉપરથી શીખવવાની

નવી ભૂગોળ સીરીઝ.

વડોદરા રાજ્યની ભૂગોળ.	કીંમત.
(રંગીન બાર નકશાઓ સાથે)	૦ ૩ ૦
ગુજરાત અને ઉત્તર વિભાગની ભૂગોળ	
(રંગીન આઠ નકશાઓ સાથે.)	૦ ૪ – ૦
મુંબાઈ ઇલાકાની ભૂગોળ.	
(રંગીન દસ નકશાઓ સાથે)	૦– ૪ – ૦
હિંદુસ્તાનની ભૂગોળ. (સદર)	.. ૦ – ૨ – ૦

યુરોપ, એશિયા, અમેરિકા અને આફ્રિકા ખંડની સામાન્ય ભૂગોળ } છપાય છે.

માસ્તર ચીમનલાલ જીભાઈ.

ઈંગ્રેજી સ્કુલ—**કલોલ.** (પ્રાંત-કડી)

શ્રી.

હિંદુસ્તાનની ભૂગોળ.

હિંદુસ્તાન—મુસલમાન આવ્યા તે વખતે તેમાં હિંદુઓ વસતા હતા. તેથી તેને હિંદુસ્તાન કહે છે. વળી ભરતરાજાના નામ ઉપરથી તેને ભરતખંડ અને ભારતવર્ષ અને આર્ય લોકોના નામ ઉપરથી આર્યાવર્ત પણ કહે છે.

સીમા—ઉત્તરે હિમાલય પર્વત, હિંદુકુશ અને કારાકોરમ પર્વતો આવેલા છે જે હિંદુસ્તાનનું રક્ષણ કરે છે. પશ્ચિમે સુલેમાન અને હાલા પર્વત અને અરબી સમુદ્ર, દક્ષિણે હિંદી મહાસાગર. અને પૂર્વ બંગાળાનો ઉપસાગર ચીન અને હિંદી ચીન છે.

સ્વાભાવિક રચના—આ દેશની રચના એવી ચમત્કારીક છે કે તેમાં સૃષ્ટિની સર્વ શોભા, દેખાવ અને ઘણું કરીને સર્વ પ્રકારની વનસ્પતિ તથા હવા માલમ પડે છે. આ દેશનો ઉત્તરનો અને દક્ષિણનો પ્રદેશ પહાડી છે. સિંધુ નદીથી ગંગા નદી સુધી મોટું મેદાન આવેલું છે. તેને સિંધુ ગંગાનો પ્રદેશ કહે છે. રજપૂતાનાની વાયવ્યમાં એક રણ આવેલું છે; દરિયા કિનારાનો પ્રદેશ નીચાણનો છે. એનું ક્ષેત્રફળ ૧૮ ચો. માઈલ છે. એટલે મુંબઈ ઇલાકા કરતાં દસ ઘણો મોટો અને ઇંગ્લાંડ અને વેલ્સ કરતાં પાંત્રીસ ઘણો મોટો છે. એટલે રૂશિયા વગર આખા યુરોપખંડ જેવડો છે. તેમાંનો લગભગ અડધ કરતાં વધારે ભાગ ઇંગ્રેજ સરકારને તાબે છે. તેનો આકાર ત્રિકોણ છે. અને તે લગભગ દ્વીપ કલ્પ છે.

હિંદુસ્તાનની આબો હવા.

આ દેશ મોટો વિસ્તાર વાળો હોવાને લીધે તેમાં ઉષ્ણ કટીબંધથી શીત કટીબંધ સુધીની જે જે પ્રકારની હવા છે તે બધી પ્રકારની હવા આ દેશમાં માલમ પડે છે. કર્ણાટક અને દક્ષિણ હિંદુસ્તાનની હવા ઘણી ઉષ્ણ છે. સિંધ પ્રાંતની હવા પણ ઉષ્ણ છે. માળવા અને મધ્ય હિંદુસ્તાનની હવા સાધારણ છે એટલે ઘણી ગરમ નથી તેમ ઘણી ઠંડી નથી. પંજાબમાં શિયાળામાં અતિશય ઠંડી અને ઉનાળામાં અતિશય ગરમી પડે છે. બંગાળા અને આસાંમ પ્રાંતની હવા ઓલસર અને રોગી છે. વરસાદ પુષ્કળ પડે છે. આગ્રા અને દીલ્હી પ્રાંતોની હવા પંજાબની માફક ઉનાળામાં ઘણી ગરમ અને શિયાળામાં ઠંડી હોય છે. ઉનાળામાં તાપ સખત પડે છે ત્યારે લુક નામનો ભયંકર વા વાવા લાગે છે. હિમાલય પર્વત ઉપર અને તેની પાસેની હવા ઘણીજ ઠંડી છે. બાકીના પ્રદેશોની હવા મધ્યમ છે. અયન્ય વાયુને લીધે આ દેશમાં વરસાદ પડે છે. સિંધ, મારવાડ અને પંજાબમાં વરસાદ ઓછો પડે છે.

અહીં મુખ્ય ત્રણ ઋતુઓ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ.

ઉદ્યોગ અને કળા કૌશલ્ય.

લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. આ દેશની જમીન ફળદ્રુપ છે અને તેથી થોડી મહેનતે પાક સારો થાય છે. સિંધુ, ગંગા, જમના વગેરે મોટી નદીઓમાંથી નહેરો ખોદી તેના પાણી વડે લોકો બાગાયત કરે છે. કેટલીક જગ્યાએ વણવાનો ધંધો પણ ચાલે છે.

સુતરાઉ અને રેશમી કપડાં વણવાનાં મોટાં મોટાં શહેરોમાં કારખાનાં છે. ઉનનાં ઉત્તમ વસ્ત્રો અને શાલ કાશ્મીરમાં થાય છે. ઉંચું બારીક મલમલ ઢાકામાં થાય છે,

સોના, રૂપા, હાથીદાંત અને સુખડનું કોતર કામ; જડાવ, વેલ બુટ્ટી અને કસબી કામ તથા શેતરંજીઓ આ દેશમાં સારી થાય છે.

વેપાર—પ્રાચિન કાળથી આ દેશ વેપારને માટે પ્રખ્યાત છે. હાલમાં ઇંગ્રેજલોકો સાથે ઘણો વેપાર ચાલે છે. અહીંથી કપાસ, ચોખા, અફીણ, રેશમ, ઉન, શાલો, બુંદ, હાથી દાંત, શણ, વગેરે પરદેશ જાય છે. અને તેને બદલે ચાહ, કાચનો સામાન, રેશમી, સુતરેલ, તથા ઉનનાં કપડાં, કાગળ, શાહી ચાકુ, સાંચા કામ, અને ખાંડ આવે છે. ચીનમાં અફીણ અને સાકર જાય છે, અને તેને બદલે ચા આવે છે. રૂશીઆમાંથી કેરોસીન તેલ આવે છે. યુનાઇટેડ સ્ટેટસમાં શણ, ગળી અને ચામડાં જાય છે અને કેરોસીન તેલ આવે છે.

હિંદુસ્તાનનો વેપાર ઘણો ભાગ ઇંગ્લાંડ જોડે, તેથી ઉતરતો જરમની જોડે, અને તેથી ઉતરતો અનુક્રમે ચીન, યુનાઇટેડ સ્ટેટસ, ફ્રાન્સ અને જાપાન વિગેરે દેશો જોડે છે. જે લગભગ ચાર અબજનો છે.

જમીન માર્ગે પણ અફઘાનીસ્તાન, નેપાળ વિગેરે દેશો જોડે વેપાર ચાલે છે જે લગભગ ૧૫ કરોડનો છે.

રાજ્ય બંધારણ—ઇંગ્લાંડના મહારાજા તે હિંદુસ્તાનના શહેનશાહ કહેવાય છે. તેમના તરફથી અહીં વૉયસરૉય (ગવરનર જનરલ) નીમાય છે. તે દિલ્હીમાં રહે છે. તે અને તેના કારભારી મંડળી રાજ્ય વહીવટ ચલાવે છે. તેમાં વૉયસરૉય, લશ્કરી ખાતાનો અમલદાર અને બીજા આઠ સભાસદો હોય છે. તેમના હાથ નીચે બંગાળા, મુંબાઇ અને મદ્રાસ ઇલાકાઓમાં જુદા જુદા ગવરનર નીમેલા છે. અને બિહાર અને ઓરિસા, બ્રહ્મદેશ, સંયુક્ત પ્રાંતો, અને પંજાબ એ ચાર મોટા પ્રાંતોમાં લેફ્ટેનન્ટ ગવરનર નીમેલા છે. આસામ, મધ્ય પ્રાંતો અને વરાડ, દિલ્હી, વાવ્ય સરહદનો મુલક, બ્રીટીશ બલુચિસ્તાન, અજમેર, આંદામાન,

અને નિકોબાર એ ચીફ કમીશનરના તાબામાં છે. કુર્ગ મ્હેસુરના રેસીડન્ટના તાબામાં છે. તે તેનો ચીફ કમીશનર કહેવાય છે. ઇલાકાના વિભાગ પાડી કમીશનરના હાથ તળે મુકવામાં આવ્યા છે. વિભાગના ભાગને જીલ્લા કહે છે. અને તેના ઉપરી અમલદારને ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ અને કલેકટર કહે છે. જીલ્લાના ભાગને તાલુકા કહે છે. તેના ઉપરી અમલદારને મામલતદાર કહે છે. દરેક ઇલાકામાં ન્યાયની અદાલતો જુદી હોય છે. તાલુકાનાં કેટલાંક ગામોમાં સ્થાનીક પંચાયત (લોકલ બોર્ડ) સ્થાપેલી છે. તેમાં સરકાર તથા પ્રજા બંન્ને તરફના સભાસદો કામ કરે છે. મિત્ર દેશી રાજ્યોમાં રેસીડન્ટ રહે છે. નાંના દેશી રાજ્યો ઉપર કલેકટર દેખરેખ રાખે છે. અને કાઠીઆવાડનાં દેશી રાજ્યો માટે એજન્ટ ટુ ધી ગવરનર નીમ્યો છે અને તેના હાથ નીચે પોલીટીકલ એજંટ હોય છે. સીલોનમાં શહેનશાહ તરફથી જુદો ગવરનર રહે છે. અને લક દ્વીવ મદ્રાસને તાબે અને માલદ્વીપ સિલોનને તાબે છે.

વસ્તી—હિંદુસ્તાનની વસ્તી લગભગ ૩૨ કરોડની છે. જે પૃથ્વીની આખી વસ્તીનો પાંચમો ભાગ છે. મુંબાઇ ઇલાકામાં લગભગ અઢી કરોડની વસ્તી છે.

કેળવણી—સરકારે કેળવણી આપવા સારૂ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ, હાઇસ્કુલો, અને મહા વિદ્યાલયો સ્થાપેલાં છે. કલકત્તા, મુંબાઇ, મદ્રાસ અને અલ્હાબાદમાં વિશ્વ વિદ્યાલયો સ્થાપેલાં છે. તેમજ ખેતીવાડી, વૈદક, હુન્નર અને કાયદાનું જ્ઞાન આપવા માટે જુદાં જુદાં વિદ્યાલયો સ્થાપ્યાં છે. સ્ત્રી કેળવણી માટે પણ કન્યા-શાળાઓ વગેરે સ્થાપવામાં આવ્યાં છે. વડોદરા રાજ્યમાં ફરજીયાત અને મફત કેળવણી પણ શરૂ કરી છ,

પ્રાણી—હાથી મદ્રાસ અને બંગાળા ઇલાકામાં, સિંહ ગુજરાત અને રજપૂતાનામાં, ઉંટ સિંધના મેદાનમાં હોય છે. વાઘ, ચિત્તા, હરણ,

સસલાં, ડુકર, અને વાંદરાં સર્વ ઠેકાણે જોવામાં આવે છે. ગાય, બળદ, ભેંસ, કુતરાં, માંકડાં, ઘોડાં, ખચ્ચર, બકરાં, ઘેટાં ઇત્યાદિ પશુ અને મોર, પોપટ, ખબુતર, મેના વગેરે પક્ષિઓ સર્વ ઠેકાણે હોય છે.

માર્ગો—આ દેશની ત્રણે બાજુએ પાણી છે. તેથી પરદેશ જવાને જળ માર્ગે સવડ સારી છે. **હિંદુસ્તાનમાંથી ઇંગ્લાંડ જવાનો રસ્તો**—૧. મુંબાઇથી અરબી સમુદ્રમાં થઇ, એડન જઇ ત્યાંથી રાતા સમુદ્રમાં થઇ, સુવેજની નેહેરમાં થઇ, ભૂમધ્ય સમુદ્રમાં થઇ, જીબ્રાલ્ટરની સામુદ્રધુની આગળ થઇ, ઇંગ્લીશ ચેનલમાં થઇ લંડન જવાય છે. આ રસ્તે ૬૫૭૦ માઇલ થાય છે અને ૨૧ દિવસમાં જવાય છે.

(૨) ઉપરને રસ્તે ભૂમધ્ય સમુદ્રમાં આવી ઇટાલીના બ્રીન્ડીઝી બંદરે ઉતરી ત્યાંથી રેલ્વે માર્ગે ફ્રાન્સમાં કેલે શહેર આગળ થઇ ડોવર જાય છે ને ત્યાંથી લંડન જાય છે. આ રસ્તે ૫૪૩૯ માઇલ થાય છે અને ૧૪ દિવસમાં જવાય છે.

મુંબઇથી કરાંચી બે દિવસમાં, કોલંબો ૪ દિવસમાં, ઝાંઝીબાર ૧૦ દિવસમાં, અને લંડન ૨૧ દિવસમાં જવાય છે, કોલંબોથી કલકત્તા ૫ દિવસમાં મદ્રાસ ૩ દિવસમાં જવાય છે. મદ્રાસથી કલકત્તા ૩ દિવસમાં, રંગુન ૫ દિવસમાં જવાય છે. કલકત્તાથી રંગુન ૪ દિવસમાં જવાય છે.

હિંદુસ્તાનની ઉત્તર અને વાયવ્ય દેશમાં જવા સારૂ ફક્ત પહાડોમાંથી જવું પડે છે. અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનમાં ખૈબર ઘાટને રસ્તે જવાય છે. અને ઉત્તર તરફ હિમાલય ઓળંગીને જવાય છે. દેશના અંદરના ભાગોમાં દરેક સ્થળે રેલ્વેઓ થઇ ગઇ છે. તેમાં મુસાફરી થાય છે.

હિંદુસ્તાનના પર્વતો, દ્વીપકલ્પો, ભૂશિરો, સામુદ્ર ધુની અને સરોવરો.

પર્વતો—

૧ **હિમાલય પર્વત**—આ પર્વત ઉત્તરે સિંધુ નદીથી બ્રહ્મપુત્રા નદી સુધી લાંબો આવેલો છે. તે પૃથ્વી ઉપર સૌથી ઉંચો છે. આ પર્વત ઉપર નિરંતર બરફ રહે છે, તેથી તેનું નામ હિમાલય પડયું છે. એનું સૌથી ઉંચું શિખર **ગૌરીશંકર** અથવા **એવરેસ્ટ** છે. બીજાં શિખરો **ધવળગિરિ** અને **કાંચનગંગા** છે. આ પર્વત ઉપર સર્વ પ્રકારની હવા તથા વનસ્પતિ માલમ પડે છે. એ એક દુનિયામાં મોટો જળક્ષેપક પ્રદેશ છે. એનું કૈલાસ નામે શિખર છે તે હિંદુઓનું પવિત્ર સ્થાન ગણાય છે. આ પર્વતમાંથી ઘણી મોટી નદીઓ નીકળે છે. એના કેટલાક ભાગમાં મોટાં જંગલો છે. જેને તેરાઈ કહે છે. ત્યાંનાં હવા પાણી સારાં નથી તેમજ તેમાં ફાડીખાનારાં પશુ રહે છે.

૨ **શિવાલીક પહાડ**—ગંગા અને બીઆસ નદી વચ્ચે આવેલો છે.

૩ **કારાકોરમ** અને **હિંદુકુશ**—આ બે ફાંટા હિમાલયમાંથી નીકળી કાશ્મીરની સરહદે આવેલા છે. તેનું મુખ્ય શિખર ડાપસંગ છે.

૪ **સુલેમાન પર્વત**—હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચે આવેલો છે. તેનું સૌથી ઉંચુ શિખર તખ્તે સુલેમાન છે.


૫ **હાલા**—સિંધ અને બલુચિસ્તાનની વચ્ચે છે.

૬ **અરવલ્લી**—રજપુતાનામાં છે. તનું ઉંચું શીખર **આબુ** હવા ખાવાનું સ્થળ છે.

૭ **વિંધ્યાચળ**—નર્મદા નદીની સરહદે છે. તેને વિંધ્યાદ્રિ કહે છે.

૮ **સાતપુડા**—વિંધ્યાદ્રિની સમાન્તર આવેલો છે. આ બંન્ને પર્વત વચ્ચે તાપી નદી વહે છે. એનું ઉંચુ શિખર પંચમંડી છે.

૯ **સહ્યાદ્રિ** અથવા **પશ્ચિમઘાટ**—પશ્ચિમ બાજુએ તાપીનદીના મુખ આગળથી શરૂ થઇ દક્ષિણમાં કેપ કુમારિકા સુધી ગએલો



હિંદુસ્તાનની સીમા, પર્વતો,
દ્વીપકલ્પ, ભૂશિરો, સરોવરો
અને સામુદ્રધુની.
શિવાલીક
ધવલગીરી
એવરેસ્ટ
કાંચનગંગા
વિંધ્યા પર્વત
સાતપુડા પ.
ચીલકા સ.

છે. તેનું સૌથી ઉંચુ શિખર **મહાબળેશ્વર** છે. મુંબાઈના ગવરનર ત્યાં હવા ખાવા જાય છે.

૧૦ **પૂર્વ ઘાટ**—પૂર્વ કિનારા ઉપર છે. તે મ્હૈસુર આગળ પશ્ચિમ ઘાટને મળે છે.

૧૧ **નીલગિરિ**-મ્હૈસુરની દક્ષિણે પૂર્વઘાટ અને પશ્ચિમ ઘાટ મળે છે ત્યાં આગળ છે. ત્યાં **ઉટાકામંડ** નામનું હવા ખાવાનું સ્થળ છે.

૧૨ છેક દક્ષિણમાં અનમલાઈ, કારડેમમ, અને પાલની ડુંગરો છે.

૧૩ **પતકાઈ પર્વત**—બ્રહ્મદેશની પશ્ચિમે આવી ઉપલા બ્રહ્મદેશ અને આસામને જુદો પાડે છે. નાગા, ખાશી અને ગારો તેના ફાંટા છે.

દ્વીપકલ્પો—૧ **કાઠીઆડ** અને **કચ્છ** એ બે દ્વીપકલ્પો છે. દક્ષિણ હિંદુસ્તાન પણ દ્વીપકલ્પ કહેવાય છે.

ભૂશિરો—

૧ **જગતબિંદુ**-કાઠીઆવાડની પશ્ચિમે છે.
૨ **દીવ**-કાઠીઆડની દક્ષિણે છે.
૩ **કેપરામાસ** અને કેપ **કેમોરીન**—હિંદુસ્તાનની દક્ષિણે છે.
૪ **પોઇંટ કાલીમેર**-પાકની સામુદ્રધુની પાસે છે.
૫ **પોઇંટ પાલમાયરા**-જગન્નાથપુરી પાસે છે,
૬ **કેપ નિગ્રાસ**-બ્રહ્મદેશમાં આરાકાનની દક્ષિણે છે.
૭ **મોંઝ**-સિંધની પશ્ચિમે છે.

સામુદ્રધુની—

૧ **પાકની સામુદ્રધુની**-મનારના અખાત અને બંગાળાના ઉપસાગરને જોડે છે.

સરોવરો—

૧ **સાંબર**-રજપુતાનામાં ખારા પાણીનું સરોવર છે ત્યાં મીઠું પકવે છે. ૨ **મંચર**-સિંધમાં. ૩ **વુલર**-કાશ્મીરમાં. ૪ **ચિલકા**-જગન્નાથપુરી પાસે. ૫ **કોલર**-ગોદાવરી અને કૃષ્ણા નદીઓના મુખ વચ્ચે મીઠા પાણીનું સરોવર છે અને **પુલીકટ**-મદ્રાસની ઉત્તરે છે.

હિંદુસ્તાનની નદીઓ, સમુદ્ર, અખાત, ઉપસાગર અને બેટો.


નદીઓ—

હિંદુસ્તાનમાં ઘણી નદીઓ છે. તેમાં સિંધુ ગંગાના પ્રદેશમાં ઘણી મોટી નદીઓ આવેલી છે. તે પ્રદેશના પૂર્વ તરફનો ઢાળ પૂર્વ તરફ હોવાથી ત્યાંની નદીઓ પૂર્વ તરફ વહે છે. પંજાબનો ઢાળ દક્ષિણ તરફ હોવાથી ત્યાંની નદીઓ દક્ષિણ તરફ વહે છે. અને દક્ષિણ હિંદુસ્તાનના ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો હોવાથી ત્યાંની નદીઓ પૂર્વ તરફ વહે છે.

૧ **ગંગાનદી**—હિમાલય પર્વતમાંના ગંગોત્રીના ડુંગરમાંથી નીકળે છે. હરદ્વાર ત્યાંથી ૧૫ ગાઉ દુર છે. તે બંગાળાના ઉપસાગર ને મળે છે. તેનું પાણી હરદ્વારથી કાનપુર સુધી નહેર કરી તે વાટે ખેતીના ઉપયોગમાં લે છે; તેથી કાંઠાનો પ્રદેશ ફળદ્રુપ છે. મુખ આગળ તે અને બ્રહ્મપુત્રા એકઠી થાય છે, ત્યાં આગળ જે ત્રીકોણ પ્રદેશ થાય છે તેને **સુંદરબન** કહે છે. તેને જમના, સોન, રામગંગા, ગોમતી, ઘોગરા (સરયુ) ગંડકી અને કુશી નદીઓ મળે છે. આ નદી ઘણીજ પવિત્ર ગણાય છે. આ નદીના મુખ આગળ મોટી આગબોટો આવી શકે છે અને લગભગ ઘણા ભાગ સુધી વહાણો ફરી શકે છે.

૨ **બ્રહ્મપુત્રા**—હિમાલયની ઉત્તરેથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. તેને સુરમા નદી મળે છે. જે મુખ આગળ મેઘનાને નામે ઓળખાય છે.

૩ **જમના**—હિમાલયના જન્મોત્રી શિરખમાંથી નીકળીગંગાનદીને અલ્હાબાદ આગળ મળે છે. તેનુ પાણી કાળાશ પર છે. ચંબલ અને બટવા નદીઓ વિંધ્ય પર્વતમાંથી નીકળી તેને મળે છે.


હિંદુસ્તાનની નદીઓ-સમુદ્ર-
અખાત, ઉપસાગર અને બેટો
બંગાળાનો
ઉપ સાગર.

૪ **માહાનદી**—મધ્ય પ્રાંતના પૂર્વ તરફના ડુંગરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. તેના મુખ આગળ વહાણુ ફરી શકે છે.

૫ **ગોદાવરી**—નાસિક પાસે ત્ર્યંબકેશ્વરના ડુંગરામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. વર્ધા, પેનગંગા અને વેન ગંગાના સંગમથી બનેલી પ્રાણુહિતા અને માંજરા નદીઓ તેને મળે છે.

૬ **કૃષ્ણા**—મહાબળેશ્વરના ડુંગરામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. ભીમા, તુંગભદ્રા, નદીઓ તેને મળે છે.

૭ **કાવેરી**—પશ્ચિમ ઘાટમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે તેની અંદર આવેલા શીવા સમુદ્રમ બેટ આગળ એક મોટો ધોધ પડે છે તેથી વીજળી ઉત્પન્ન કરી સાંચા કામ ચલાવે છે. તે ધોધ ઘણો જોવા લાયક છે.

૮ **પન્નાર** અને **પુલાર**—મ્હૈસુરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

૯ **ગુજરાતમાં નર્મદા, તાપી, મહી, અને સાબરમતી** નદીઓ ખંભાતના અખાતને મળે છે.

૧૦ **સિંધુ**—હિમાલયની પેલી બાજુએ આવેલા કૈલાસ પર્વતમાંથી નીકળી હિમાલય, કાશ્મીર, પંજાબ અને સિંધમાં થઇ અરબી સમુદ્રને મળે છે. તેને કાબુલ, જેલમ, ચીનાબ, રાવી અને સતલજ એ પાંચ નદીઓ મળે છે. આ નદીના પાણીને નહેર વાટે લઈ સિંધમાં ખેતી કરવામાં આવે છે. આ નદીમાં પણ વહાણો ફરી શકે છે.


૧૧ **ઇરાવદી અને સાલવીન** નદીઓ બ્રહ્મ દેશમાં ઉત્તરમાંથી નીકળી માતાબાનના અખાતને મળે છે.

સમુદ્ર અખાત અને ઉપસાગર

૧ **હિંદી મહાસાગર**—હિંદુસ્તાનની દક્ષિણે છે.
૨ **અરબી સમુદ્ર**—પશ્ચિમે છે. તેમાં કુચ્છ અને ખંભાતના અખાત છે. દક્ષિણે મનારનો અખાત છે.
૩ **બંગાળાનો ઉપસાગર**—પૂર્વમાં છે.
૪ **માર્તાબાનનો અખાત**—બ્રહ્મ દેશની દક્ષિણે છે.
કિનારા—મલબાર કિનારો નૈરૃત્ય દિશાએ અને કોરોમાન્ડલ કિનારો અગ્નિ ખૂણમાં છે.

બેટો—

૧ **લક્ષદ્વીપ** અને **માલદ્વીપ**—હિંદી મહાસાગરમાં મલબાર કિનારાની પશ્ચિમે છે.
૨ **સિલોન**—હિંદુસ્તાનની દક્ષિણે છે.
૩ **આન્ડામાન** અને **નિંકોબાર**—બંગાળાના ઉપસાગરમાં છે. દેશ નીકાલની સજાવાળાને આન્ડામાન મોકલે છે.
૪ **બેટ શંખોદ્ધાર**—કાઠીઆવાડની પશ્ચિમે છે.
૫ **દીવ**—કાઠીઆવાડની દક્ષિણે છે.
૬ **સાષ્ટિ** અને **ઘારાપુરી**—મુંબઈ પાસે છે.
૭ **રામેશ્વર**—હિંદુસ્તાન અને સિલોન વચ્ચે છે.
૮ **મેગુઇ દ્વીપો**—આન્ડામાન અને ટીનાસરીમ વચ્ચે છે. (બ્રહ્મદેશને લગતો)


હિંદુસ્તાનનાં બંદરો, હવાખાવાનાં
સ્થળો
મુખ્ય શહેરો

હિંદુસ્તાનનાં બંદરો, હવા ખાવાનાં ઠેકાણાં,

જાત્રાનાં સ્થળ અને વખણાતી વસ્તુની જગ્યાઓ.

બંદરો—કરાંચી, માંડવી, આડત્રા (દ્વારકાં) પોરબંદર, ખંભાત, ભરૂચ, સુરત, મુંબાઇ, ગોવા, રત્નાગિરિ, કારવાર, તુતીકોરીન, પોંડીચેરી, મદ્રાસ, મછલીપટ્ટણ, જગન્નાથપુરી, કલકત્તા, અકયબ, રંગુન, અને મોલમીન.

હવા ખાવાનાં સ્થળ—દાર્જીલીંગ, સીમલા, મરી, આબુ, મહાબળેશ્વર, નીલગિરિ, ઉટાકામંડ, મસુરી, અને નૈનીતાલ.

જાત્રાનાં સ્થળ—હરદ્વાર (ગંગા કિનારે), જગન્નાથપુરી, કાશી, મથુરાં, પ્રયાગ, બદ્રીનાથ, દ્વારકાં, ડાકોર, ગઢડા, અને વડતાલ, (સ્વામિનારાયણનું) નાશીક, ત્ર્યંબક, પંઢરપુર, રામેશ્વર, શ્રીનાથજી (મેવાડમાં), અમૃતસર (શીખનું), પાલીતાણા ને આબુ (જૈનનું),

વખણાતી વસ્તુની જગ્યાઓ.

મુંબાઇ—મોટામાં મોટું બંદર, સુંદર શહેર અને વેપાર હુન્નર વગેરેનું મોટું મથક છે.

મદ્રાસ—સુતર અને કાપડના વેપાર માટે પ્રખ્યાત છે.

નાગપુર—(મધ્યપ્રાંતમાં) રેશમી ધોતીજોટા માટે પ્રખ્યાત છે.

મુલતાન—(પંજાબ) ઉનનાં વસ્ત્ર અને શાલ સારી થાય છે.

બનારસ—(કાશી) (આગ્રા પ્રાંત) જાત્રાનું મોટુ સ્થળ છે. ત્યાંના કસબી દુપટ્ટા અને પીતળનાં વાસણ વખણાય છે.

મથુરાં—(આગ્રા) શેત્રંજી સારી થાય છે. ત્યાંનો તાજમહેલ પ્રખ્યાત છે.

ઢાકા—(બંગાળા) મલમલ વખણાય છે.

જયપુર—(રજપુતાના) ચિત્રો અને બાંધણીને માટે વખણાય છે.

શિરોહી—તરવાર સારી થાય છે.

મિરજાપુર—(સંયુક્ત પ્રાંત) ત્યાંના ગાલીચા વખણાય છે. શેત્રંજી રૂનાં કારખાનાં અને લાખ તથા પીતળનાં પત્રાં બનાવવા માટે પ્રખ્યાત છે.

બુરાનપુર—(મધ્યપ્રાંત) શેલાં અને રેશમી કાપડને માટે પ્રખ્યાત છે.

વેલોર—ગાલીચા વખણાય છે. (મદ્રાસમાં)

વિઝાગાપટ્ટન—(મદ્રાસ) શીંગડાંના દાબડા, પેટીઓ. વગેરે ચીજો સારી થાય છે.

મુર્શીદાબાદ—(બંગાળા) રેશમી કાપડ અને હાથીદાંતનો સામાન વખણાય છે.

કાનપુર—(આગ્રા) ઉનનું કાપડ અને ચામડાની ચીજોની બનાવટનાં કારખાનાં માટે પ્રખ્યાત છે.

ગાઝીપુર—(આગ્રા) ગુલાબનું અત્તર, ગુલાબજળ, અને અફીણના વેપાર માટે પ્રખ્યાત છે.

અમ્રીતસર—(પંજાબ) શાલ તથા રેશમ સુતરનાં કાપડ સારાં થાય છે. શીખ લોકોનું પવિત્ર શહેર છે.

રંગુન—(બ્રહ્મદેશ) સાગ અને ચોખાના વેપાર માટે પ્રખ્યાત છે,


ત્રિચીનાપલ્લી—(મદ્રાસ) ચીરૂટ (બીડી) તથા જવાહીરના દાગીના સારા થાય છે.

રામપુર—(અયોધ્યા) ખેસ, દુપટ્ટા, અને ચાદરો સારી થાય છે.

દિલ્હી—હિંદુસ્તાનનું નવું પાટનગર અને વાઈસરૉયને રહેવાનું સ્થળ છે. ત્યાંની શેત્રંજી અને માટીનાં વાસણ વખણાય છે.

રૂરકી—(આગ્રા) એન્જીનીયરીંગ કોલેજ છે.

ડેરાડુન—(આગ્રા) જંગલ ખાતાની કોલેજ છે. ત્યાંના બગીચા ઘણા થાય છે.



હિંદુસ્તાનના રાજકીય
વિભાગ

હિંદુસ્તાનના રાજકીય વિભાગો.

નામ	મુખ્ય શહેર	
૧ મુંબઈ ઈલાકો—	મુંબાઈ.	
૨ મદ્રાસ ઈલાકો—	મદ્રાસ.	
૩ બંગાળા ઇલાકો—	કલકત્તા.	
૪ બહાર અને ઓરિસા—	પટણા.	
૫ આગ્રા તથા અયોધ્યાના સંયુક્ત પ્રાંતો—	અલ્હાબાદ અને લખનૌ	
૬ બ્રહ્મદેશ—	રંગુન.	
૭ પંજાબ—	લાહોર.	
૮ આસામ—	ગોહતી.	
૯ મધ્ય પ્રાંતો અને વરાડ—	નાગપુર અને અકોલા.	
૧૦ દિલ્હી—	દિલ્હી.	
૧૧ વાવ્ય સરહદના પ્રાંતો—	પેશાવર.	
૧૨ બ્રીટીશ બલુચિસ્તાન—	ક્વેટા.	
૧૩ અજમેર—	અજમેર.	
૧૪ આંડામાન અને નિકોબાર—	પોર્ટબ્લેર.	
૧૫ કુર્ગ—	મર્કેરા.	
૧૬ મ્હૈસુર—	મ્હૈસુર.	બ્રીટીશના તાબાના સંસ્થાનો.
૧૭ નિઝામ—	હૈદરાબાદ.	
૧૮ મધ્યહિંદ એજન્સી—	ઈંદોર.	
૧૯ રજપૂત સંસ્થાન—	ઉદેપુર.	
૨૦ નેપાળ અને ભુતાન—	ખટમંડુ અને પુનાખા.	સ્વતંત્ર રાજ્યો.
૨૧ ફ્રેંચનો મુલક—	પોંડીચેરી.	પરદેશી રાજ્યો.
૨૨ પોર્ટુગીઝનો મુલક—	ગોવા.	
૨૩ કાશ્મીર—	શ્રીનગર	

દેશી રાજ્યો—સીક્કીમ, હૈદરાબાદ, મ્હૈસુર, કાશ્મીર, વડોદરા, મધ્યહિંદ એજન્સી, રજપુતાના એજન્સી, બલુચિસ્તાનના તાબાનાં દેશી રાજ્યો, વિગેરે.

ઉત્પન્ન.

ખનિજ—

હીરા, માણેક—બુંદેલખંડ, મદ્રાસ ઈલાકો, ગોવળકોંડા, અને બ્રહ્મદેશમાં.

બીજાં રત્નો–સિંહલદ્વીપ,મધ્ય હિંદુસ્તાન, અને પશ્ચિમ હિંદુસ્તાનમાં.

સોનુ—હિમાલયનો વાવ્ય ભાગ, છોટાનાગપુર, મદ્રાસ અને ઓઢીઆ અને મ્હૈસુરમાં.

રૂપુ—છોટાનાગપુર, બંગાળા અને મ્હૈસુરમાં.

તાંબુ—અલ્હાબાદ, બંગાળા, નેપાળ, સિકિમ, રજપુતાના છોટા નાગપુર અન મદ્રાસમાં.

લોખંડ—મદ્રાસ, મલબાર, નાગપુર, દક્ષિણ મહારાષ્ટ્ર, વરાડ, અને મધ્ય પ્રાંતમાં.

સિસુ—હિમાલય, કુમાઉન અને બંગાળામાં.

જસત—મેવાડમાં.

મીઠુ—પંજાબ અને ચીલકા સરોવર અને સંભર સરોવરમાં.

કોલસા—બંગાળા, આસામ, બ્રહ્મદેશ, મદ્રાસ, નિઝામ, પંજાબ, વરાડ અને મધ્ય પ્રાતામાં.

કેરોસીન—બ્રહ્મદેશ.

અબરખ—છોટાનાગપુર અને બહાર.

પ્લમ્બેગો—ત્રાવણકોર.

મેંગેનીઝ—મદ્રાસ અને ગુજરાત.

કલઇ—ટીનાસરીમ (બ્રહ્મદેશમાં)

સુરોખાર—અયોધ્યા.


પેટ્રોલીયમ—બ્રહ્મદેશ.

સિંધવ—રજપુતાના અને પંજાબ.

ફટકડી—પંજાબ.



હિંદુસ્તાનનું ઉત્પન્ન ખનિજ.
કોલસા
તાંબુ
સિંધવ



હિંદુસ્તાનની પેદાસ-
વનસ્પતિ.

વનસ્પતિ—

ઇમારતી લાકડું અને દેવદાર—ગુજરાત, કોકણ, કાનડા, મ્હૈસુર બંગાળા, આસામ બ્રહ્મદેશ અને હિમાલયનાં જંગલોમાં થાય છે.

સાગ—ગુજરાત, અને પશ્ચિમ ઘાટ અને બ્રહ્મદેશમાં થાય છે.

નાળીએરી, ખજુરી અને તાડ—સમુદ્રકાંઠે. આન્ડામાન, નીકોબારમાં થાય છે.

બાવળ, વડ, પીપળા, લીમડા, આમલી વગેરે ઝાડ સર્વ ઠેકાણે થાય છે.

રૂ (કપાસ)—ગુજરાત, દક્ષિણ મહારાષ્ટ્ર, મધ્ય પ્રાંત, બ્રહ્મદેશ, ઉત્તર હિંદુસ્તાન, મ્હૈસુર, બંગાળા, આસામ, કર્ણાટક, વરાડ, સિંધ અને નિઝામમાં થાય છે.

અફીણ—બંગાળા, બહાર, અયોધ્યા, મારવાડ અને રજપૂતાનામાં થાય છે.

તમાકુ—ઘણે ઠેકાણે થાય છે. બંગાળા, મદ્રાસ અને ગુજરાત.

મરી ઇલાયચી—નેપાળ અને મલબાર કિનારે થાય છે

કેસર તજ નાળીએર અને ગુંદર—નેપાળમાં થાય છે.

શેરડી—બંગાળા, વાવ્ય પ્રાંતો અને પંજાબમાં થાય છે.

સિકોના—(જેની છાલમાંથી કવીનાઈન બને છે) નીલગીરી, દાર્જીલીંગ અને સીલોનમાં થાય છે.

કાફી—નીલગીરી અને કુર્ગમાં થાય છે.

ચા—આસામ, બંગાળા, પંજાબ, સીંહલદ્વીપ વા. પ્રાંત અને નીલગીરિમાં થાય છે.

ગુંદ—દક્ષિણ હિંદુસ્તાન અને નીલગીરીમાં થાય છે.

સુખડ—મ્હૈસુર અને હિમાલયના વાવ્ય ભાગમાં અને ત્રાવણકોરમાં થાય છે.

સણ—પૂર્વ બંગાળામાં થાય છે.

ગળી—બંગાળા, બહાર અને મદ્રાસમાં અને વાવ્ય પ્રાંતમાં થાય છે.

ઈંડીઆ રબર—બ્રહ્મદેશમાં થાય છે.

ચોખા—બંગાળા, ગુજરાત અને કોકણ, મધ્ય પ્રાંત, બ્રહ્મદેશમાં થાય છે.

ઘઉં, બાજરી, જાર, કઠોળ ઘણું કરી બધે ઠેકાણે થાય છે.


અળસી—મધ્ય પ્રાંત, મુંબઈ ઈલાકો અને સંયુક્ત પ્રાંતમાં થાય છે.

તલ—ગુજરાત, મદ્રાસ, બંગાળા અને બ્રહ્મદેશમાં થાય છે.

નિકાસ—રૂ, જ્યુટ, ચોખા, તેલીબીયાં, અફીણ, ઘઉં, ચામડાં, ચા, ગળી, કોફી ઉન અને લાકડું પરદેશમાં જાય છે.

આયાત—કાપડ, ધાતુ, સાંચાકામ, લોખંડના ઓજારો, ખાંડ, દારૂ વિગેરે.

ખેતીની મુખ્ય પેદાસ—ચોખા, ઘઉં, બાજરી, જુવાર, મકાઈ, કઠોળ, તલ, દીવેલી, શણ, અળશી, કપાસ, શેરડી અફીણ વિગેરે છે.


હિંદુસ્તાનની રેલ્વે
બંગાળની
ઉપસાગર
હિંદી મહા સાગર

હિંદુસ્તાનની રેલ્વે.

૧ જી. આઇ. પી. રેલ્વે (ગ્રેટ ઇન્ડીઅન પેનીનશ્યુલા રેલ્વે) મુંબાઈથી ભુસાવળ, ભોપાળ, ઝાંસી, આગ્રા થઈ દિલ્હી જાય છે. બીજો ફાંટો મુંબઈથી પુના થઇ દક્ષિણમાં જાય છે.

૨ બી. બી. સી. આઈ. રેલ્વે (બોમ્બે, બરોડા, સેન્ટ્રલ ઇન્ડીઅન રેલ્વે) મુંબાઈથી સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, અજમેર (વડોદરાથી બીજી લાઈન ગોધરા રતલામ થઈ દિલ્હી જાય છે. દિલ્હીથી કાનપુર સુધી જાય છે.

૩ બી. એન રેલ્વે—બંગાળા નાગપુર (૧) ભુસાવળથી નાગપુર, રાયપુર, બીલાસપુર થઇ કલકત્તા જાય છે. (૨) હાવરાથી વીઝાગાપટ્ટણ જાય છે.

૪ ઇ. આઇ. રેલ્વે-ઈસ્ટ ઇન્ડીઆ-કલકત્તાથી દિલ્હી અને કલકત્તાથી જબલપુર સુધી જાય છે. ત્યાંથી જી. આઇ. પી. માં જવાય છે.

૫ ઈ. બી.-પૂર્વ બંગાળા રેલ્વે-અને એ. બી.-આસામ બંગાળા રેલ્વે પૂર્વ બંગાળા અને આસામમાં છે.

૬ એન, ડબલ્યુ-નોર્થ વેસ્ટર્ન રેલ્વે—દિલ્હીથી લાહોર થઈ પેશાવર, (૨) લાહોરથી મુલતાન થઈ કરાંચી. (૩) અને કરાંચીથી કવેટા સુધી જાય છે.

૭ સાઉથ મરાઠા રેલ્વે—પુનાથી બેંગ્લોર અને ગડાગથી બલ્લારી થઈ બેઝવાડા જાય છે.

૮ મદ્રાસ રેલ્વે—મદ્રાસથી વીઝાગાપટ્ટણ અને મદ્રાસથી બેંગ્લોર જાય છે.

૯ સાઉથ ઇન્ડીઅન રેલ્વે—મદ્રાસથી દક્ષિણમાં જાય છે.

૧૦ બી. એન્ડ એન, ડબલ્યુ રેલ્વે-બંગાળ અને વાવ્ય પ્રાંત રેલ્વે-દિલ્હીથી પટણા થઈ કલકત્તા જાય છે. (૨) દિલ્હીથી કંદહાર જાય છે.

૧૧ ઈ. આઈ.- ઇસ્ટ ઇન્ડીઆ રેલ્વે—કાનપુરથી મોંગીર થઈ કલકત્તા જાય છે.

૧૨ બર્મા રેલ્વે—બ્રહ્મદેશમાં છે. રંગુનથી મીટકીના અને રંગુનથી પ્રોમ જાય છે.

૧૩ આઉધ અને રોહિલખંડ રેલ્વે—સંયુક્ત પ્રાંતોમાં છે. આ સિવાય બીજી ઘણી નાની શાખાઓ નીકળેલી છે. તેમાં (૧) ભાવનગર, ગોંડળ, જુનાગઢ, પોરબંદર રેલ્વે (૨) મોરબી રેલ્વે (૩) ગાયકવાડ રેલ્વે (૪) ઉદેપુર ચીતોડ રેલ્વે (૫) નિઝામ રેલ્વે (૬) દક્ષિણ પંજાબ રેલ્વે વગેરે છે.


લોકોની જાતો અને ભાષાઓ.

૧ **જાતો**—(૧) કોલારીઅન—(અનાર્ય) છોટાનાગપુર, મધ્યપ્રાંતો અને પહાડી મુલકોમાં વસે છે. (૨) **દ્રાવિડો**—દક્ષિણ હિંદુસ્તાનમાં વસે છે. આની એક શાખા ગોંડ નામે છે તે જંગલી સ્થીતિમાં છે. (૩) **આર્ય**—ઉત્તર ભાગમાં વસે છે. આ જાત ઘણી સુધરેલી અને કેળવણી પામેલી છે. (૪) **મોંગોલ**—બ્રહ્મદેશ અને હિમાલયની ઉત્તરે વસે છે. (૫) **મુસલમાન**—જુદા જુદા ભાગમાં બધે વસે છે. (૬) **પારસી**—મુંબાઇ ઇલાકામાં વસેલા છે. **યાહુદી**—કોંકણમાં વધારે છે (૮) **ખ્રિસ્તિ**—મદ્રાસ ઇલાકામાં વધારે છે.

ભાષાઓ—મુખ્ય ત્રણ ભાષાઓ છે. (૧) **સંસ્કૃત**, (૨) **દ્રાવિડી**, (૩) **બ્રહ્મી**.

(૧) સંસ્કૃતમાંથી નીકળેલી ભાષાઓ—૧ બંગાળી (બંગાળામાં) ૨ ઉર્ય (ઓઢીઆમાં) ૩ હિંદી (લગભગ આખા હિંદુસ્તાનમાં) ૪ પંજાબી (પંજાબમાં), ૫ મરાઠી (મહારાષ્ટ્રમાં), ૬


હિંદુસ્તાનની ભાષા અને
લોકોની જાત.
પંજાબી
હિંદી



ગુજરાતી (ગુજરાતમાં) અને ૭ સિંધી (સિંધમાં).
હિંદુસ્તાની ભાષા, હિંદી અને ફારસી ભાષાના શબ્દોથી મિશ્રિત છે.

(૨) દ્રાવિડમાંથી નીકળેલા ભાષાઓ—તામીલ (દ. મદ્રાસ). તેલુંગી (ઉત્તર મદ્રાસ), મલાયમ (મલબાર કિનારે), કાનડી (કાનડા, મ્હૈસુર અને કરનાટક), ગોંડ (મધ્ય હિંદુસ્તાનમાં).

(૩) બ્રહ્મી—બ્રહ્મદેશમાં બોલાય છે.

(૪) અંગ્રેજી-રાજ્યકિય ભાષા છે. અને સરકારી કચેરીઓમાં વપરાય છે. તેથી ઘણા લોકો શીખ્યા છે અને જુદા જુદા ભાગમાં અભ્યાસ થાય છે.

ઇલાકાઓની વિશેષ હકીકત.

મદ્રાસ ઇલાકો

આ પ્રાંતની ત્રણે બાજુ પાણી છે. કિનારો ૧૭૦૦ માઈલ લાંબો છે. આ પ્રાંતમાં મુંબાઈ ઈલાકા કરતાં વસ્તી સવા ગણી છે એટલે લગભગ ચાર કરોડ બાસઠ લાખની છે. આ પ્રાંતમાં પૂર્વ ઘાટ આગળનો ભાગ ઉચ્ચ પ્રદેશ છે અને કિનારાનો ભાગ નિચાણનો છે. આ પ્રાંતમાં ગરમી વધારે પડે છે પણ દરિઆ કિનારાને લીધે ઠંડી અને ગરમી લગભગ સરખી લાગે છે.

પર્વતો—પૂર્વઘાટ, પશ્ચિમઘાટ, અને નીલગીરી.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, પન્નાર, પાલાર, કોલરૂન, બધી બંગાળાના ઉપસાગરમાં પડે છે.

સરોવર—ચીલકા, કોલર અને પુલીકટ છે.

મુખ્ય શહેરો—**મદ્રાસ**—આ ઈલાકાની રાજધાની કોરો માંડલ કિનારા ઉપર છે. તેમાં વિશ્વવિદ્યાલય છે. **કાંચીવરમ**—ચોલ

રાજ્યની રાજધાની, **મદુરા**-ખેસ અને સાડીઓ માટે, **ત્રિચીના પલ્લી**-લશ્કરી છાવણી, ચીરૂટ અને જવાહીરના દાગીના માટે. **શ્રી રંગમ**-રામાનુજ સંપ્રદાયનું જાત્રાનું સ્થાન, **સાલેમ**-પોલાદ કામ માટે, **ઉતાકામંડ**-હવા ખાવાનું સ્થળ, (કોનુરના સ્ટેશનથી ૧૨ માઈલ), **કાલીકટ** અને **મછલીપટ્ટણ**-બંદર, **વિઝાગા પટ્ટણ**-બંદર શીંગડાંની પેટીની બનાવટ માટે પ્રખ્યાત છે.

પેદાશ—ચોખા, રાગી, તેલી બીયાં, તમાકુ, શેરડી, રૂ, ગરમ મશાલો. ખાંડ, અને ગળી છે. **નીલગિરી** ઉપર ચા, બુંદ અને સિંકાના થાય છે. લોખંડ, અબરખ, મેંગેનીઝ, અને કોઈક જગ્યાએથી સોનુ તથા હીરા નીકળે છે. પશ્ચિમ કિનારા ઉપર નાળીએરી પુષ્કળ થાય છે.

ભાષાઓ—**તામીલ** (દ. મદ્રાસ), **તેલુંગ** (ઉ. મદ્રાસ), **મલાયમ** મલબાર કિનારે, અને કાનડી-કાનડામાં બોલાય છે.

દેશી રાજ્યો—**ત્રાવણકોર**,-(અહીં પીપર અને એળચી થાય છે.) કોચીન અને પુદુકોટ છે.

બેટો—**રામેશ્વર**—હિંદુઓનું જાત્રાનુ ધામ છે.

લક્ષદ્વીપ—મુખ્ય પદાસ નાળીએર છે.

કુર્ગ—મદ્રાસ ઈલાકાની પશ્ચિમે એક નાનો પહાડી પ્રાંત છે. મ્હેસુરનો રેસીડેન્ટ તે ત્યાંનો ચીફ કમીશનર કહેવાય છે.

મુખ્ય શહેર—**મર્કેરા**-અહીં બુંદ અને એલચીની પેદાશ છે.

આંદામાન અને **નિકોબાર** બંગાળી સમુદ્રમાં આ ટાપુઓના સમૂહ આવેલા છે. તે ચીફ કમીશનરના તાબામાં છે. અંદામાનમાં દેશ નિકાલ થએલા કેદીઓને રાખવામાં આવે છે. મુખ્ય બંદર **પોર્ટબ્લેર** છે. મુખ્ય પેદાશ સાગ છે. નિકોબારની મુખ્ય પેદાશ નાળિએર છે.

બંગાળા ઇલાકો.

આ પ્રાંત ગવરનરના તાબામાં છે, તે ઉષ્ણ કટીબંધમાં આવેલો છે. અહીં નદીઓમાંથી નહેરો વાટે પાણી પાઇ ખેતી કરે છે. કેટલાક ભાગમાં વરસાદ સારો થાય છે. આ પ્રાંતમાં કલકત્તાથી દિલ્લી સુધી ઇસ્ટ ઇન્ડીઆ રેલ્વે જાય છે. તેની બંગાળા નાગપુર રેલ્વે, ઇસ્ટ કોસ્ટ રેલ્વે, ઇસ્ટર્ન બેંગાલ રેલ્વે, બેંગાલ નોર્થ વેસ્ટર્ન રેલ્વે વિગેરે શાખાઓ છે. મુખ્ય નદીઓ ગંગા અને બ્રહ્મપુત્રા છે.

મુખ્ય શહેર—**કલકત્તા**-હુગલી નદીના (ગંગાના) મુખ આગળ મોટું બંદર છે. સં. ૧૯૧૧ સુધી ગવરનર જનરલને રહેવાનું સ્થળ હતું. તેમાં એક વિશ્વવિદ્યાલય છે. **ચિતાગોંગ**-બીજું બંદર છે. **ઢાકા**-મલમલ વખણાય છે. **દાર્જીલીંગ**-સિકીમ પાસે હવા ખાવાનું ઠેકાણું છે. **મુર્શિદાબાદ**-રેશમ અને ગળી માટે પ્રખ્યાત છે. **બાંકુરા** અને **રાણીગંજ**માં કોલસાની ખાણો છે. **પ્લાસી** શહેર છે. **ચંદ્રનગર**-ફ્રેંચ લોકોને તાબે છે. **ચિતગાંવ**, **સીરજગંજ**, **હુગલી**, **માલ્દા**, **બરાકપોર**, **નદયા** વગેરે શહેરો છે.

દેશી રાજ્યો—કુચબિહાર અને ટિપેરા.

હુન્નર—શણ, સાબુ, કાગળ, અને સુતરનાં કારખાનાં છે.

નિકાસ—ચોખા, ગળી, અફીણ, ચાહ, શણ, રેશમ, ઘઉં, શેરડી, જવ, મકાઈ અને તેલી બીયાં અને ચામડાં છે.

આસામ.

અહીં શિયાળો અને ચોમાસુ બેજ ૠતુઓ છે, તે ચીફ કમીશનરના તાબામાં છે, ત્યાં ચાહના ઘણા બગીચા છે.

મુખ્ય શહેરો—**સીલહટ** શહેર છે. **કાચારમાં** ચાહના બગીચા છે.

ગૌહત્તી-મુખ્ય શહેર છે. **સીલોંગ** ચીફ કમીશનરને રહેવાનું સ્થળ છે. **મણિપુર**—દેશી રાજ્ય છે.

નિકાસ—ચાહ, ચોખા, શણ, તેલી બીયાં, શેરડી, તમાકુ, સાલ. ઇંડિઆ રબર છે. ખાસીઆ ડુંગરમાંથી કોલસા નીકળે છે.

બ્રહ્મદેશ.

ત્યાંની હવા ભેજવાળી અને ગરમ છે. ત્યાંની વસ્તી મંગોલીયન જાતના બ્રહ્મી લોકો છે. અને બધા બૌદ્ધ ધર્મ પાળે છે. અહીં સીગાર બનાવવાનો અને રેશમી કાપડ વણવાનો એ બે મોટા હુન્નર છે. અહીં ઘંટ પણ સારા બને છે. તમજ લાકડું કોતરવાનું કામ સારૂં જાણે છે.

મુખ્ય પર્વત—આરાકાન અને પેગુ છે.

મુખ્ય નદીઓ—ઇરાવદી, સાલ્વીન અને સીતંગ છે.

મુખ્ય શહેરો—રંગુન-હિંદુસ્તાનમાં ત્રીજા નંબરનું બંદર છે. અહીંથી સાગ અને ચોખા પુષ્કળ ચડે છે. બીજાં **માંડલે. આકિઆબ**, મુલમેન, અને બાસીન, ભામો અને પ્રોમ શહેરો છે.

મુખ્ય પેદાશ—સાગ, એબની, ગટાપર્ચાનાં ઝાડો, ચોખા, રૂ, ચામડાં છે. ઇરાવદી પાસેના પ્રદેશમાંથી **અંબર** અને નદીની ખીણમાંથી કેરોસીન અને કોલસા નીકળે છે. માંડલેમાંથી સફેદ આરસ અને ટીનાસરીમમાંથી કલાઈ નીકળે છે.

બહાર અને ઓરિસા.

અહીં અનાર્ય લોક વસે છે. ઉનાળામાં વધારે ગરમી અને શિયાળામાં વધારે ઠંડી પડે છે. બહારમાં હિંદી અને ઓરિસામાં ઉર્યા ભાષા બોલાય છે.

મુખ્ય નદીઓ—ગંગા અને મહાનદી છે. ગંડકીને **શોણ** બીજી બે નદીઓ ગંગાને મળે છે.

બહારનાં મુખ્ય શહેરો—પટણા-પ્રથમ મગધની રાજધાની પાટલીપુત્ર હતું તે આ શહેર છે. **ગયા**-જાત્રાનું સ્થળ છે. **ભાગલપુર**, મોંગીર, બકસર, તીરહત વગેરે શહેરો છે.

ઓરિસાનાં મુખ્ય શહેરો—કટક-મુખ્ય શહેર છે. **પુરી**-જગન્નાથપુરી જાત્રા માટે પ્રખ્યાત છે.

પેદાસ—ઘઉ, બાજરી, ચોખા, ગળી, અફીણ, સુરોખાર અને કોલસા છે. ચિલકા સરોવર અને ઓરિસાને કિનારે મીઠુ પાકે છે.

છોટાનાગપુર.

એ બહાર અને મધ્યપ્રાંતો વચ્ચે ડુંગરવાળો પ્રદેશ છે. ડુંગર ઉપર **પારસનાથ** નામનું જૈનનું જાત્રાનું ધામ છે. તેનું મુખ્ય શહેર **રાંચી** છે. સાકચી ગામ આગળ મોટું લોઢાનું કારખાનું છે. અહીંથી અબરખ પુષ્કળ નીકળે છે.

દેશી રાજ્ય—સિકીમ-નેપાળ અને ભુતાનની વચ્ચે આવેલું છે.

પેદાશ—એળચી, જંગલની પેદાશ અને તેલી બીયાં છે. અહીંના ટટ્ટુ અને ઘેટાં વખણાય છે.

મ્હેસુર.

નિજામની દક્ષિણે આ એક દેશી રાજ્ય આવેલું છે, અહીં બ્રીટીશ સરકાર તરફથી રેસીડેન્ટ રહે છે. જે કુર્ગ પ્રાંતનો ચીફ કમીશનર કહેવાય છે. આ ભાગ ઉચ્ચ પ્રદેશમાં આવેલો છે. ઉંચાણને લીધે ગરમી વધારે લાગતી નથી. અને વરસાદ વધારે પડે છે.

મુખ્ય શહેરો—બાંગલોર ત્યાં વિદ્યાની શોધ ખોળ માટે એક સસ્થા છે, લશ્કરી છાવણી છે અને રેસીડેન્ટને રહેવાનું સ્થળ છે. **મ્હેસુર**—રાજધાનીનું શહેર અને કોલર તથા શ્રીરંગપટ્ટણ બીજા શહેરો છે.

પેદાશ—રાગી, ડાંગેર, શેરડી, તમાકુ, રૂ, ગુંદ, ઇમારતી લાકડું, સુખડ વીગેરે છે.

મધ્ય પ્રાંતો અને વરાડ.

મધ્ય પ્રાંતો—આ પ્રાંત ચીફ કમીશનરની દેખરેખ નીચે છે. આ પ્રાંતોમાં પહાડો અને જંગલો ઘણાં આવેલા છે. નાગપુરના મેદાનમાં તાપ સખત પડે છે. આ પ્રાંતના જંગલોમાં સાગ, સાલ, લાખ અને રેશમ થાય છે.

મુખ્ય પર્વતો—વિંધ્ય અને સાતપુડા છે.

મુખ્ય નદીઓ—નર્મદા, તાપી, વર્ધા અને વાઇન ગંગા.

મુખ્ય શહેરો—નાગપુર રાજધાનીનું શહેર છે. સુતર વણવા તથા કાંતવાની મીલો છે. બુરાનપુર-રેશમી, કસબી કાપડને માટે પ્રખ્યાત છે. અસીરગઢનો કિલ્લો છે, જબલપુર મોટું વેપારનું મથક છે. સાગરમાં લશ્કરી છાવણી છે. ખંડવા, પચમંઢી, રાયપુર, અને ચાંદા બીજાં ગામો છે.

પેદાસ—ઘઉં, ડાંગેર, રૂ, અને તેલી બીયાં છે, ખાણોમાંથી કોલસા અને ઉંચુ લોખંડ નીકળે છે.

વરાડ—આ ભાગ મધ્ય પ્રાંતો સાથે જોડી દીધો છે. આ ઉંચ્ચ પ્રદેશ છે, તેથી ગરમી વધારે લાગતી નથી, અને ઘણોજ ફળદ્રુપ છે. મુખ્ય પાક રૂનો છે. મરાઠી ભાષા બોલાય છે, મુખ્ય નદીઓ પેનગંગા અને પૂર્ણા છે. મુખ્ય શહેરો-ઇલીચપુર, ઉમરાવતી, અને અકોલા છે.

મધ્યહિંદ એજન્સી—આ એજન્સીમાં લગભગ ૧૪૮ દેશી રાજ્યો છે, તેના ઉપરી અમલદારને એજન્ટ ટુ ધી ગવરનર જનરલ કહે છે, તે ઇંદોરમાં રહે છે. પેદાશમાં અનાજ, તમાકુ, અફીણ, કપાસ અને શેરડી છે, વિંધ્યાચળની તળેટીમાંથી લોખંડ અને



મધ્ય પ્રાંતો

બુંદેલખંડમાંથી હીરા તથા પૂર્વમાં કોલસા નીકળે છે. લોકો હિંદી ભાષા બોલે છે.

નેપાળ અને ભુતાન—આ બે પહાડી સ્વતંત્ર રાજ્યો છે. ત્યાંના લોકોને ગુરખા કહે છે. તેઓ મોગલ જાતના છે અને બોધ ધર્મ પાળે છે. તેઓ ઠીંગણા અને મજબુત લડૈયા છે, નેપાળનું મુખ્ય શહેર-**ખટમંડુ** છે. અને તેની પેદાશ ઇમારતી લાકડું અને ડાંગેર વગેરે અનાજ છે. ભુતાનનું મુખ્ય શહેર-**પુનાખા** છે. પેદાશ-ઉન, મીણ અને કસ્તુરી છે. બન્ને જગ્યાએ અંગ્રેજ સરકાર તરફથી રેસીડન્ટ રહે છે.

મુંબાઇ ઇલાકો.

આ ઇલાકાના ઉપરી અધિકારીને ગવરનર કહે છે, આ ઇલાકાના મુખ્ય પાંચ ભાગ છે. ૧ ગુજરાત ૨ કચ્છ ૩ સિંધ ૪ મહારાષ્ટ્ર ૫ કાનડા. આ ઇલાકો અરબી સમુદ્રના કિનારા ઉપર આવેલો છે. તેમાં સિંધનો ભાગ રેતાળ પ્રદેશ છે, ત્યાં વરસાદ ઓછો અને તાપ વધારે પડે છે, ઉત્તરનો ભાગ સપાટ પ્રદેશ છે, મધ્યભાગ ઉચ્ચ પ્રદેશ છે, મુંબાઇ અને રત્નાગીરી તરફ વરસાદ વધારે પડે છે. તેમાં ઘણા ડુંગરો આવેલા છે. દક્ષિણમાં દરિયા કિનારો અને પહાડ આવેલા છે.

મુખ્ય નદીઓ—સિંધુ, નર્મદા, તાપી, ગોદાવરી અને કૃષ્ણા.

મુખ્ય ધોધ—ગુરપાણ અને ગેરસપ્પા.

પર્વતો—હાલા, વિંધ્યાચળ, સાતપુડા, સહ્યાદ્રી, ગીરનાર અને શેત્રુંજો.

રણ—કચ્છનું રણ, થરપારકર.

વસ્તી—હિંદુ, મુસલમાન અને પારસીની છે.

મુખ્ય ધર્મો—હિંદુ, મુસલમાની, જરથોસ્તી, જૈન અને ખ્રિસ્તી.

ભાષાઓ—સિંધમાં સિંધી, કચ્છમાં કચ્છી, ગુજરાતમાં ગુજરાતી, અને દક્ષિણમાં મરાઠી ભાષા બોલાય છે. મુસલમાનોની સામાન્ય ભાષા ઉર્દૂ છે.

ધંધાઓ—આ ઇલાકામાં મીલો ઘણી છે. મુખ્ય ધંધો ખેતીનો અને કાપડ વણવાનો છે.

મુંબાઈ—રાજધાનીનું શહેર છે, તે મોટું બંદર છે. ત્યાં ત્રણ મહાવિદ્યાલયો છે, અને વિશ્વવિદ્યાલયનું સ્થાન છે. વીજળીની ટ્રામો ચાલે છે. વીજળીના દીવા, વણવા કાંતવાનાં કારખાનાં તથા ઘણી મીલો છે.

બંદરો-કરાંચી, માંડવી, દ્વારકાં, મુંબાઈ, રત્નાગીરી, ગોવા, કારવાર.

બેટો—મુંબાઇ, ધારાપુરી, સાષ્ટી, દીવ, બેટ શંખોદ્ધાર.

ભૂશિરો—દીવ અને જગત પોઇંટ.

હવા ખાવાનાં ઠેકાણાં—આબુ, ડુમસ, માથેરાન, બંડાળા, મહાબળેશ્વર.

પેદાશ—અનાજ, રૂ, શેરડી, તમાકુ, અફીણ, ગળી, ભુંદ, ઉન, ઇમારતી લાકડું, સોપારી, નાળીએર, વિગેરે છે.

ખનીજ—ફટકડી, ત્રાંબુ, સીસુ, ગંધક, લોઢું, સોનું, મેંગેનીસ, સુરોખાર, પથ્થર આરસ અને અકીક છે.

આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો.

આ પ્રાંતો લેફ્ટેનન્ટ ગવરનરના તાબામાં છે. ઉનાળામાં તાપ વધારે અને શિયાળામાં ઠંડી વધારે પડે છે. વરસાદ ઓછો પડે છે. તેથી ગંગા અને જમના નદીમાં નહેરો ખોદી ખેતી કરે છે. નદી વચ્ચેના ત્રિકોણ ભાગને ડેલ્ટા કહે છે. અહીં ડાંગેર અને શણ પુષ્કળ પાકે છે, અહીં લોકો હિંદી અને બિહારી ભાષા બોલે છે.

મુખ્ય શહેરો—અલાહાબાદ-પ્રયાગના નામથી ઓળખાય છે, ને તે જાત્રાનું સ્થળ છે. **બનારસ (કાશી)**-ગંગા નદીના કિનારે હિંદુઓનું જાત્રાનું ધામ છે, પીતળના વાસણ અને કસબનું કામ સારૂં બને છે. **કાનપુર**-અહીં લશ્કરી છાવણી છે. ત્યાં સુતરાઉ તથા ગરમ કાપડની મીલો છે અને ચામડાંનાં કારખાનાં છે, તાંબુ, જીન, બુટ વિગેરે અહીં સારાં થાય છે. **ગાઝીપુર**-ગુલાબજળ તથા અફીણના વેપાર માટે પ્રખ્યાત છે. **મથુરાં** શ્રી કૃષ્ણ ભગવાનની જન્મભૂમિ માટે તથા **વૃંદાવન**—પવિત્ર સ્થળ છે. **રૂરકી** માં મોટામાં મોટી એન્જીનીઅરીંગ કોલેજ છે. **દેહરાદુન**-હવા ખાવાનું સ્થળ છે, ત્યાં જંગલખાતાની કોલેજ અને ચાહના બગીચા છે, આગ્રા, ઝાંસી, કનોજ, મિરત, અલીગઢ, સહરાણપુર, નૈનિતાલ, અને બરેલી બીજાં મોટાં શહેરો છે. દ્વારકા, કેદારનાથ, બદ્રીનાથ અને ગંગોત્રી આ પ્રાંતમાં આવેલાં છે.

પેદાશ—ઘઉં, ડાંગેર, રૂ, ગળી, તમાકુ, શેરડી, અફીણ, તેલીબીયાં, કઠોળ, ચા અને સુરોખાર છે.

અયોધ્યા—મુખ્ય શહેરો-**લખનૌ** મુખ્ય શહેર છે. **અયોધ્યા**-રામચંદ્રજીના જન્મ માટે પવિત્ર ગણાય છે. **ફૈઝાબાદ**-લશ્કરી છાવણી છે. દેશીરાજ્યો—(૧) **રામપુર**—એનું મુખ્ય શહેર-**રામપુર** છે. તેનાં ખેસ, દુપટ્ટા અને ચાદર વખણાય છે. (૨) **ગઢવાલ**-મુખ્ય શહેર **તરી છે.**

પંજાબ.

ઝેલમ, ચિનાબ, રાવી, બિઆસ અને સતલજ આ પાંચ નદીઓ ત્યાં વહે છે તેથી તેનું નામ પંજાબ પડયું છે, અહીં શિયાળામાં અતિશય ઠંડી અને ઉનાળામાં અતિશય ગરમી લાગે છે. અહીં

નદીઓમાંથી પુષ્કળ નહેરો બાંધવામાં આવી છે. કાંગરાની ખીણમાં ચા પુષ્કળ થાય છે. **શીખ** લોકોનું મૂળ સ્થાન **પંજાબ** છે. **ભાષા** પંજાબી અને હિંદી છે. આ પ્રાંત લેફ્ટેનન્ટ ગવરનરના તાબામાં છે.

મુખ્ય શહેરો—લાહોર-મુખ્ય શહેર છે. મિયાનમીરમાં લશ્કરી છાવણી છે. **અમૃતસર**-શીખલોકોનું પવિત્ર ધામ છે. **અંબાલા** લશ્કરી થાણું છે. **સિમલા** અને **મસુરી**-હવા ખાવાનાં સ્થળ છે. **કસાવલી**-અહીં હડકાયાં કુતરાં કરડેલા દરદીની દવા થાય છે. **પાણીપત** અને **સ્થાનેશ્વર** બીજાં શહેરો છે.

પેદાશ—ઘઉં, ચોખા, બાજરી, મકાઈ, તેલીબીયાં, રૂ, રેશમ (મુલતાનમાં) સિંધવ (મીઠાના ડુંગરમાંથી) અને ફટકડી (કાલાબાગ આગળ) છે. કોલસા પણ નીકળે છે.

દિલ્હી જીલ્લો—મુખ્ય શહેર-દિલ્હી ચીફ કમિશનરના તાબામાં છે. હિંદુસ્તાનનો વાયસરોય ગવરનર જનરલ સ. ૧૯૧૧ થી અહીં રહે છે, અહીં પાંડવો અને મુગલોની રાજધાની હતી. અહીંનાં શેત્રંજી અને માટીનાં વાસણ વખણાય છે.

દેશી રાજ્યો—ભાવલપુર-મુખ્ય શહેર **ભાવલપુર** છે. **પતિઆળા**-મુખ્ય શહેર-**પતિઆળા**છે. બીજાં ઝીંદ, નભા, કપુરથલા, ફરીદકોટ વિગેરે ઘણાં નાના રાજ્યો છે.

વાવ્ય સરહદનો પ્રાંત.

આ પ્રાંત ચીફ કમીશનરના તાબામાં છે. અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન વચ્ચે સુલેમાન પર્વતની હાર આવેલી છે. તેમાં ખૈબર ઘાટ અને બોલન ઘાટનો રસ્તા છે. ઉનાળામાં તાપ સખત અને શિયાળામાં ઠંડી સખત પડે છે. લોકો પઠાણ છે.

મુખ્ય શહેર—પેશાવર છે. એમાં લશ્કરી છાવણી છે.

પેદાશ—ઘઉં વિગેરે અનાજ, તેલીબીયાં અને રૂ છે.

બલુચિસ્તાન.

આ પ્રાંત ચીફ કમીશનરના તાબામાં છે. અને દેશી રાજ્યો પર એજન્ટ ટુ ધી ગવરનર જનરલ તરિકે દેખરેખ રાખે છે.

મુખ્ય શહેરો—ક્વેટા–ચીફ કમીશનર રહે છે. અને લશ્કરી છાવણી છે. **ખિલાત**–આનની રાજધાની છે.

કાશ્મીરનું મિત્રદેશી રાજ્ય—હિંદુસ્તાનની ઉત્તરે આ પ્રદેશ ખીણુ અને પહાડો વાળો છે. અહીં પહાડો અને નદીઓમાં કેટલીક જગ્યાએ બરફ રહે છે. ત્યાંનો રાજા ડોંગરા રજપુત છે. અહીં અંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ રહે છે. ત્યાંના લોકો ગોરા અને ખુબસુરત છે.

મુખ્ય શહેરો—શ્રીનગર રાજધાનીનું શહેર છે. **જમ્મુ, લેહ** વિગેરે બીજાં શહેરો છે.

પેદાશ—અનાજ, ઈમારતી લાકડુ, મેવા છે ત્યાંની શાલો (બકરાંના ઉનની) વખણાય છે.

રજપૂતાના.

આ દેશ પંજાબની દક્ષિણે આવેલો છે. તેમાં ૨૦ રાજ્યો છે. તેમાંનું એક મુસલમાનનુ છે. આનો ઉપરી ચીફ કમીશનર છે તે આબુમાં રહે છે. મધ્યમાં **અરવલી** ડુંગર આવેલો છે. મુખ્ય પાક ઘઉં, અને મકાઈ છે. સાંભર સરોવરમાં મીઠું પકવવામાં આવે છે. મુખ્ય જનાવર ઊંટ છે ને તેનાથી બધો વહેવાર ચાલે છે. બીકાનેરમાં ઊંટની લશ્કરી ટુકડીઓ છે.

મુખ્ય રાજ્યો—જોધપુર અથવા **મારવાડ, ઉદેપુર** અથવા **મેવાડ**, જયપુર, બિકાનેર, જેસલમીર, અને ભરતપુર વિગેરે છે.

તેમનાં મુખ્ય શહેર તેના તેજ નામનાં છે. **જયપુરમાં** આખા શહેરમાં મકાનો એક સરખાં બાંધેલાં છે. ત્યાં ઉત્તમ સંગ્રહસ્થાન અને વેધશાળા છે. **ઉદેપુરના** રાજ્યમાં **ચિતોડનો** કિલ્લો છે. તેની પાસે **એકલીંગજીનું** દહેરૂં અને **શ્રીનાથજીનું** જાત્રાનું ધામ છે.

અજમેર મેરવાડા—આ પ્રાંત રજપુતાનાના મધ્ય ભાગમાં આવેલો છે. તે અંગ્રેજ સરકારને તાબે છે. તેનો ઉપરી ચીફ કમીશનર છે. જે રજપુત સંસ્થાનનો એજન્ટ ટુ ધી ગવરનર જનરલ કહેવાય છે. તે આબુ ઉપર રહે છે. મુખ્ય શહેર **અજમેર** છે.

નિજામનું રાજ્ય.

વરાડની દક્ષિણે હિંદુસ્તાનનું મોટામાં મોટું દેશી રાજ્ય છે. આ મુસલમાની રાજ્ય છે. તેના રાજાને નિજામ કહે છે. ત્યાં બ્રીટીશ રેસીડેન્ટ રહે છે. આ રાજ્યમાં વસ્તી ઘણે ભાગે મુસલમાન છે.

મુખ્ય નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, ભીમા અને તુંગ ભદ્રા છે.

મુખ્ય શહેરો—**હૈદરાબાદ**-રાજધાનીનું શહેર છે. ઔરંગાબાદ, દોલતાબાદ, ગોવલકોંડા, વગેરે મોટાં શહેરો છે.

પેદાશ—અનાજ, તેલીબીયાં અને રૂ છે. કોલસા અને લોખંડ ખાણોમાંથી નીકળે છે.

ફ્રેંચ સંસ્થાનો—**પોંડિચેરી**-કોરોમોંડલ કિનારા ઉપર છે. તેમાં ફ્રેંચ ગવરનર રહે છે. ચંદ્રનગર, કારીકલ, યાનાન, અને માહી બીજા ફ્રેંચ સંસ્થાનો છે.

નિકાસ—મગફળી, સુતરાઉ કાપડ અને ચોખા છે.

ફિરંગીનાં સંસ્થાનો—દીવ, દમણ અને ગોવા. મુંબાઈ ઇલાકામાં પશ્ચિમ કિનારે આવેલાં છે.

નિકાસ—નાળીએર, માછલાં અને સોપારી છે.

સિલોન—હિંદુસ્તાનની દક્ષિણે આ ટાપુ આવેલો છે. ત્યાં ઇંગ્રેજ સરકાર તરફથી સ્વતંત્ર ગવરનર રહે છે. હવા ગરમ છે. અહીં જંગલો પુષ્કળ છે. તેમાં તજ થાય છે. અહીંની વસ્તીનો ઘણો ભાગ સિંહલી લોકો છે ઘણા ખરા લોકો તામીલ ભાષા બોલે છે અને બૌદ્ધ ધર્મ પાળે છે.

મુખ્ય શહેરો—**કોલંબો**-રાજધાની અને મુખ્ય બંદર છે. પોઇંટ દીગાલી ત્રિંકોમાલી વિગેરે બીજાં શહેરો છે.

પેદાશ—જમીન ઘણી ફળદ્રુપ છે. ડાંગેર અને નાળીએર છે. ચાના બગીચા. રબર તથા મશાલાનાં ઝાડની વાડીઓ છે. પ્લંબેગો તથા હીરાની ખાણો છે.

માલદ્વીપ—સિલોનની પશ્ચિમે ૫૦૦ માઇલ ઉપર પરવાળાંનો ટાપુ છે. ત્યાંનો રાજા સિલોનના ગવરનરના તાબામાં છે, તે મુસલમાન છે. ત્યાંના લોકો પણ મુસલમાન છે.

મુખ્ય પેદાશ—નાળીએર છે.

ભૂગોળ વિદ્યા.

ભૂગોળ વિદ્યા એ શબ્દનો અર્થ પૃથ્વીના પૃષ્ઠ ભાગનું વર્ણન **એવો છે.**

ભૂગોળ વિદ્યાના નીચે પ્રમાણે ત્રણ ભાગ છે. ૧ ભૂમાન (ગણીતભાગ) ૨ ભૂતળ ૩ રાજ્યકિય.

૧ ભૂમાન વિદ્યામાં

પૃથ્વીનો આકાર, ગતિ, મહત્વ વિગેરે વર્ણન આ ભાગમાં આપ્યું છે.

પૃથ્વીનો આકાર ગોળ છે.

પૃથ્વીનો આકાર ગોળ છે, તે નીચેનાં ઉદાહરણોથી સિદ્ધ થાય છે.

૧ જો પૃથ્વી ગોળ ન હોય અને સપાટ હોય તો સર્વ ઠેકાણે સૂર્યોદય અને સૂર્યાસ્ત એકજ વખતે થવો જોઇએ પણ તે પ્રમાણે થતું નથી. પૂર્વ તરફના દેશોમાં સૂર્યોદય વહેલો થાય છે આ બાબતની નાવિક લોકોને સારી માહીતી હોય છે તેઓને એક દિવસે છ વાગે સૂર્યોદય થાય છે તો બીજે દિવસે પાંચ વાગે સૂર્યોદય થાય છે આ ઉપરથી પૃથ્વી પૂર્વ પશ્ચિમ ગોળ છે એમ સાબિત થાય છે તેજ પ્રમાણે દક્ષિણથી ઉત્તર તરફ જઇએ તો દક્ષિણ તરફના તારા ધીમે ધીમે અદૃશ્ય થતા અને ઉત્તર તરફના નવા દેખાતા જણાય છે આ ઉપરથી ખાત્રી થાય છે કે પૃથ્વી ગોળ છે.

૨ સમુદ્રમાં વહાણ જ્યારે કિનારા તરફ આવે છે. ત્યારે કિનારા ઉપરના લોકોને પ્રથમ તેના શઢ પછી મધ્યભાગ અને છેવટે તળીઉ જણાય છે તેજ પ્રમાણે વહાણ જ્યારે કિનારેથી જાય છે ત્યારે પ્રથમ તેનું તળીઉ, પછી મધ્યભાગ અને છેવટે શઢ દેખાતા બંધ થાય છે તેજ પ્રમાણે જતા વહાણમાંના લોકોને પ્રથમ ઘર, પછી ઉંચા શિખર. અને છેવટે પર્વતની ટોચો દેખાતી બંધ થાય છે. જો પૃથ્વી સપાટ હોય તો તે બધાં એકદમ દેખાતાં બંધ થાત.

૩ પૃથ્વી ઉપરની એક અમુક જગ્યાએથી એક માણસ એકજ દિશા તરફ એમને એમ સીધા ચાલ્યા કરે તો તે ફરીને પાછો તેજ જગ્યાએ આવે છે.

૪ જ્યાં પૃથ્વીને આકાશ મળેલું જણાય છે ત્યાં પણ તે હદનો આકાર ગોળ જણાય છે તેથી પૃથ્વી ગોળ છે એમ ખાત્રી થાય છે.

૫ ચંદ્ર ગ્રહણ થાય છે ત્યારે તે ચંદ્ર અને સૂર્યની વચ્ચે પૃથ્વી આવી તેની છાયા ચંદ્ર ઉપર પડવાથી થાય છે, આ છાયા પણ હંમેશાં ગોળ હોય છે અને ગોળ પદાર્થ હોયા વગર ગોળ છાયા પડે નહિ.

ઉપરનાં સઘળાં ઉદાહરણોથી પૃથ્વી ગોળ છે એમ સિદ્ધ થાય છે.

પૃથ્વીની ગતિ.

પૃથ્વીની બે ગતિ છે. ૧ દૈનિક (રોજની) ૨ વાર્ષિક.

પૃથ્વી ગોળ દડા જેવી છે.

૧ પૃથ્વી પોતાની ધરી (એક કલ્પિત લીટી જેની આશ પાસ તે ફરે છે) ઉપર ચોવીસ કલાકમાં એક વાર ફરે છે, તેને દૈનિક ગતિ કહે છે. આ ગતિથી રાત્ર અને દિવસ થાય છે. એટલે પૃથ્વીના જ ભાગ સૂર્ય તરફ હોય છે ત્યાં દિવસ અને બીજી તરફના ભાગમાં રાત થાય છે. પૃથ્વીની ધરીના ઉત્તર છેડાને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ છેડાને દક્ષિણ ધ્રુવ કહે છે. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે તેમજ તે સૂર્યની આશપાસ પણ ફરે છે. આ સૂર્યની આસપાસ પૃથ્વીના ફરવાના માર્ગને કક્ષા (Orbit) કહે છે.

૨ પૃથ્વી પોતાની કક્ષામાં સૂર્યની આશ પાસ વરસમાં એક વાર ફરે છે તેને વાર્ષિક ગતિ કહે છે. આ ગતિથી ઋતુઓ અને વર્ષ થાય છે. પૃથ્વીના ગોળાના બે બરાબર ભાગ કરે એવી પૂર્વ પશ્ચીમ ફરતી જે લીટી દોરીએ તેને વિષુવવૃત કહે છે, અથવા ભૂમધ્ય રેખા કહે છે.

ક્રાન્તિવૃત અને કક્ષા એ બે મળી જતાં નથી પણ કક્ષા વિષુવવૃતને ૨૩ા અંશને ખુણે છેદે છે. તેથી સૂર્યનાં કિરણો સીધાં કે આડકતરાં પડે છે, આથી તાપ અને ઠંડી ઓછાવત્તા પ્રમાણમાં પડે છે અને તેથી ૠતુઓ થાય છે. પૃથ્વી સૂર્યની આસપાસ ૩૬૫ા દિવસમાં ફરી રહે છે.

પૃથ્વીને ગતિ છે એમ કહીશું તો એકદમતો કોઈને આશ્ચર્ય લાગશે અને કહેશે કે પૃથ્વીને ગતિ છે ત્યારે તેના પૃષ્ટ ભાગ ઉપર આપણે શી રીતે રહી શકીએ અને તેની ગતિ આપણને કેમ

માલમ પડતી નથી ? પહેલી બાબતનું કારણ એ છે કે પૃથ્વીનામાં ગુરૂત્વાકર્ષણ શક્તિ છે. બીજી બાબતનું કારણ એ છે કે, પૃથ્વી એકજ પદાર્થ લઈને ફરે છે એમ નથી પણ તે પોતાની સાથેના બધા પદાર્થ લઈને ફરે છે તેથી તેની ગતિ માલમ પડવાનો આપણને બિલકુલ સંભવ નથી. પણ સૂર્યોદય અને સૂર્યાસ્ત અને રાત્ર દિવસ થવાનું શું કારણ છે તે તરફ લક્ષ આપીએ તો ફક્ત બેજ કલ્પના થઇ શકે. એકતો સૂર્ય અને તારા મંડળ પૃથ્વીની આશપાસ ફરતું હોવું જોઇએ, અગર પૃથ્વી તેમની આશપાસ ફરતી હોવી જોઇએ. પહેલી કલ્પના ખરી માનીએ તો સૂર્ય ગ્રહ અને બીજા તારા જે પૃથ્વીથી લાખો ઘણા મોટા છે તે ચોવીસ કલાકમાં પૃથ્વીની આશપાસ ફરે છે એમ માનવું જોઈએ જે બનવું અશક્ય છે. બીજી કલ્પના ખરી માનીએ તો તે પ્રમાણે બનવા જોગ છે. તેથી બીજા ગ્રહો જે પ્રમાણે સૂર્યની આશપાસ ફરે છે, તેજ પ્રમાણે પૃથ્વી પણ સૂર્યની આશપાસ ફરે છે એમ કહેવું બરોબર છે. તેથી પૃથ્વી સૂર્યની આશપાસ વર્ષમાં એક વાર ફરે છે એ નકી થાય છે.

વૃત્ત અને કટિબંધ.

પૃથ્વીના ગોળાના બરોબર બે ભાગ કરે એવી પૂર્વ પશ્ચિમ ફરતી જે લીટી દોરીએ તેને વિષુવવૃત્ત અથવા ભૂમધ્યરેખા કહે છે. આ વિષુવવૃત્તથી પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધ અને ઉત્તર ગોળાર્ધ એવા બે ભાગ થાય છે.

વિષુવવૃત્તથી સરખે અંતરે બેઉ બાજુએ જે આડી લીટીઓ દોરીએ તેને અક્ષાંતવૃત્ત કહે છે એ ઉપરથી કોઈ શહેર અથવા દેશ વગેરે વિષુવવૃત્તથી કેટલાં ઉત્તરે અથવા દક્ષિણે છે તે જણાય છે. વિષુવવૃત્તથી ઉત્તરના અક્ષાંસને ઉત્તર અક્ષાંસ અને દક્ષિણનાને દક્ષિણ અક્ષાંસ કહે છે દરેક વર્તુળના ૩૬૦ અંશ હોય છે. તે પ્રમાણે

વિષુવવૃત્તથી એકેક ધ્રુવ લગી વર્તુળનો ચોથો ભાગ હોય છે તેથી તે બંનો વચ્ચે ૯૦ અક્ષાંસ હોય છે.

બંન્ને ધ્રુવમાંથી વિષુવવૃતને છેદીને એક વર્તુળ દોરીએ તેને યામ્યોત્તરવૃત કહે છે, એ વર્તુળથી સરખા અંતરે જે વર્તુળ દોરેલા છે તેને રેખાંશ કહે છે, રેખાંશ પણ બે જાતના છે, પૂર્વ રેખાંશ અને પશ્ચીમ રેખાંશ. ઇંગ્લીશ લોકો ગ્રીનીચથી રેખાંશ ગણે છે, બધા વર્તુળમાં ૧૮૦ રેખાંશ હોય છે.

અંશોના છેડા જે જગ્યાએ મળે તે બંન્ને બિંદુઓને ધ્રુવ કહે છે, ઉત્તરનાને ઉત્તર ધ્રુવ અને દક્ષિણનાને દક્ષિણ ધ્રુવ કહે છે.

વિષુવવૃતની બંન્ને બાજુએ ૨૩°-૨૮' ને અંતરે જે લીટીઓ દોરવામા આવે છે, તેમને અયનવૃત કહે છે, અને ૬૬°-૩૨' ને અંતરે જે લીટીઓ દોરવામાં આવે છે તેમને ધ્રુવવૃત કહે છે.

અયનવૃત અને ધ્રુવવૃતથી પૃથ્વીના પાંચ ભાગ થાય છે, તે દરેકને કટિબંધ કહે છે, કટિબંધ પાંચ છે, એક ઉષ્ણ કટિબંધ, બે સમશિતોષ્ણ કટિબંધ અને બે શીત કટિબંધ, ઉષ્ણ કટિબંધ બંન્ને અયનવૃતોની વચ્ચે છે, ત્યાં તાપ ઘણો પડે છે, સમશીતોષ્ણ કટિબંધ અયનવૃત અને ધ્રુવવૃતની વચ્ચે છે, ત્યાં તાપ અને ટાઢ સરખી પડે છે, અને શીત કટિબંધ તે ધ્રુવવૃત અને ધ્રુવની વચ્ચે છે. ત્યાં હંમેશાં ટાઢ રહે છે.

૬ ગ્રહણ—ચંદ્રને પોતાનો પ્રકાશ નથી પણ સૂર્યનું તેજ તેના ઉપર પડવાથી તે પ્રકાશે છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, તેથી સૂર્ય અને ચંદ્રની વચ્ચે જ્યારે પૃથ્વી આવે છે ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર ઉપર પડે છે, તેથી ચંદ્ર ગ્રહણ થાય છે, અને તેજ પ્રમાણે સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર આવે છે ત્યારે સૂર્ય દેખાતો નથી ત્યારે સૂર્ય ગ્રહણ થાય છે, ચંદ્ર ગ્રહણ પૂનમને દિવસે અને સૂર્ય ગ્રહણ અમાસને દિવસે થાય છે.

ભૂતળ વિદ્યા.

પૃથ્વીના મોટા મોટા સ્વાભાવિક વિભાગ, તેના ઉપર જમીન અને પાણીનો વિસ્તાર, તેમજ કિનારા, પર્વતોની હારો, મેદાનો, અરણ્યો, મહાસાગર અને તેમના પ્રવાહ, નદીઓ, સરોવરો વિગેરે અને વાતાવરણ, પવન, વરાળ, વરસાદ, અકળ, બરફ, ગારા, અને હવા ઈત્યાદિ સૃષ્ટિના સ્વાભાવિક ચમત્કારોનું જે શાસ્ત્રમાં વિવેચન કર્યું હોય તે શાસ્ત્રને ભૂતળવિદ્યા (Physical Geography) કહે છે.

પૃથ્વીના ગોળા તરફ આપણે જોઇશું તો તેના મોટા બે ભાગ કરેલા જણાશે, તેમાંના પૂર્વ તરફના ભાગને પૂર્વ ગોળાર્દ્ધ અને પશ્ચીમ તરફના ભાગને પશ્ચીમ ગોળાર્દ્ધ કહે છે, પૂર્વ ગોળાર્દ્ધમાં એશીયાખંડ, યુરોપખંડ, આફ્રિકાખંડ, અને ઓશિયાનિયા આવેલા છે. અને પશ્ચીમ ગોળાર્દ્ધમાં ઉત્તર અમેરીકા અને દક્ષિણ અમેરીકાખંડ છે, ખંડના ભાગને દેશ કહે છે, અને દેશના ભાગને ઇલાકા અથવા પ્રાંત કહે છે.

વિષુવવૃતથી પૃથ્વીના બે ભાગ થાય છે, તેમાંના એકને ઉત્તર ગોળાર્દ્ધ અને બીજાને દક્ષિણ ગોળાર્ધ કહે છે. તેમાં ઉત્તર ગોળાર્ધમાં એશિયા, યુરોપ, આફ્રિકાનો મોટો ભાગ, ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકાનો થોડો ભાગ આવે છે. દક્ષિણ ગોળાર્ધમાં આફ્રિકાનો થોડો ભાગ અને ઓશિયાનિયા આવેલા છે.

જમીન.

પૂર્વ ગોળાર્ધના ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને લીધે બે ભાગ પડે છે. પહેલામાં એશિયા અને યુરોપ એ બે ખંડ છે; અને બીજામાં આફ્રિકા ખંડ છે. પશ્ચિમ ગોળાર્ધના પણ એ પ્રમાણે બે ભાગ પડેલા છે જે પનામાની સંયોગી ભૂમિથી જોડાએલા છે.

પૂર્વ ગોળાર્ધમાં મધ્ય પ્રદેશ સમુદ્ર કિનારાથી ઘણોજ વેગળો હોવાથી ત્યાંની હવા જુદી જુદી ૠતુમાં અતિ ઉષ્ણ અને અતિ ઠંડી હોય છે. પશ્ચિમ ગોળાર્ધની હવામાં ૠતુના ફેરફારથી એટલો બધો ફેર પડતો નથી.

દ્વીપકલ્પ—જમીનને ત્રણ બાજુ પાણી હોઇ ત્રિકોણાકૃતી થવાની પ્રકૃતિ હોય છે, તેથી તેને દ્વીપકલ્પ કહે છે. પશ્ચિમ ગોળાર્ધમાં ગ્રીનલાંડ, ફ્લોરીડા, કાલીફાર્નિઆ અને યુકાટાન અને પૂર્વ ગોળાર્ધમાં સ્કેન્ડીનેવીઆ, ઇટાલી, ગ્રીસ, અરબસ્તાન, હિંદુસ્તાન, મલાયા અને કોરિયા એ મોટા દ્વીપકલ્પ છે. સર્વ દ્વીપકલ્પો ઉતરથી દક્ષિણ તરફ ગએલા છે. ફક્ત યુકાટાન અને જટલેન્ડ દક્ષિણથી ઉત્તર તરફ ગએલા છે.

દ્વીપ—જમીનની ચારે બાજુ પાણી હોય તેને દ્વીપ અથવા બેટ કહે છે.

કિનારા—સમુદ્રનો કિનારો હોવો એ દેશને ચઢતી સ્થિતિમાં લાવનાર અને વ્યાપાર ઉદ્યમ વધારનાર મોટુ સાધન છે. જે દેશને સમુદ્ર કિનારા વધારે હોય છે તે દેશના લોક મોટા સાહસી, વેપારી, અને સંપત્તીવાળા હોય છે. બધા દેશો કરતાં યુરોપ ખંડના દેશોને સમુદ્ર કિનારા વધારે છે અને તેથી ત્યાંના લોકો પૃથ્વીના બીજા ઘણા દેશો સાથે મોટો વેપાર ચલાવે છે.

ભૂશિર—જમીનની અણી લાંબી થઈ સમૂદ્રમાં ગઈ હોય તેને ભૂશિર કહે છે.

સંયોગી ભૂમિ—જમીનના બે મોટા ભાગને સાંધનારા જમીનના નાના ભાગને સંયોગી ભૂમિ કહે છે.

પર્વત.

પર્વતની હારો પ્રસરવાની દિશા જમીનની લંબાઇને અનુસરીને છે એમ જણાય છે. પ્રાચીન મહાદ્વીપની પૂર્વ પશ્ચિમ લંબાઈ ઘણી છે તેથી મોટા મોટા પર્વતોની હારો પૂર્વ પશ્ચિમ ગએલી છે. અને નવીન મહાદ્વીપની ઉત્તર દક્ષિણ લંબાઈ છે તેથી તેમાં પર્વતોની હારો ઉત્તરથી દક્ષિણ તરફથી ગએલી છે. મોટા અને ઉંચા પર્વતોની હારો વિષુવવૃતની સમાન્તર છે અને ઉંચામાં ઉંચા પર્વતો વિષુવવૃતની પાસે છે. પર્વત પાણી પુરૂ પાડવાને સૃષ્ટિને ઘણાજ ઉપયોગના છે. હવામાંનાં વાદળાંને પર્વત પોતાના તરફ આકર્ષણ કરે છે. અને તેથી વરસાદ પડે છે. વરસાદનું પાણી પર્વતમાં ઉતરી તેમાંથી ઝરા નીકળે છે. ઘણા ઝરા એકઠા થઇને નદીઓ બની અનેક રીતે મનુષ્યના જીવનને ઉપયોગી થઇ પડે છે. જે દેશોમાં પર્વત હોતા નથી ત્યાં વરસાદ ઘણો થોડે પડે છે. પૃથ્વીની અંદરના ભાગમાં હોનારા ખનિજ પદાર્થો કે જે મનુષ્યના ઉપયોગને માટે ખાસ જરૂરના છે તે પર્વતને લીધે ઉપર આવે છે. પર્વત ન હોય તો તે પદાર્થો પૃથ્વીના અંદરના ભાગમાંજ રહે અને મનુષ્યના હાથમાં કદી આવેજ નહિ. જે પર્વતના શિખરમાં ધુમાડો, રાખ, ઉનો રસ, બળતા કોલસા વિગેરે નીકળતું હોય છે તેને જ્વાળામુખી કે બળતા પહાડ કહે છે.

પાણી.

પૃથ્વી ઉપર પાણીના મોટા પાંચ ભાગ કરેલા છે. ૧ આટલાંટીક મહાસાગર ૨ પાસિફિક માહાસાગર, ૩ હિંદી માહાસાગર ૪ ઉત્તર માહાસાગર અને ૫ દક્ષિણ માહાસાગર. માહાસાગર

સૃષ્ટિને અનેક રીતે ઉપયોગમાં આવે છે તેને લીધે દૂર દૂરના દેશોના અને મનુષ્યોનો ઘણોજ ઘાડો સંબંધ થયો છે; તથા તેને લીધે વેપાર સુલભ થઈ પડ્યો છે. અને તેમાં લક્ષાવધી પ્રાણી રહેલાં છે જે હજારો લોકોના ઉપયોગમાં આવે છે.

નદી.

નદીનું મૂળ હંમેશાં પર્વત અગર ઉચ્ચ દેશમાં હોય છે. અને ત્યાંથી નીચાણના પ્રદેશ તરફ વહે છે. જે પ્રદેશમાં થઈને નદી વહે છે તે પ્રદેશની જેવી સ્થિતિ હોય તે પ્રમાણે નદીનો પ્રવાહ ધીમો અથવા ઉતાવળો હોય છે. જો ઘણા નીચાણના પ્રદેશમાં વહેતો હોય છે તો તેનો પ્રવાહ ઘણોજ મોટા વેગથી વહે છે અને તેથી ધોધ પણ પડે છે. નદી સમુદ્રને મળતા પહેલાં તેના અનેક ફાંટા ફુટે છે અને તે જુદા જુદા અથવા એકત્ર થઈને સમુદ્રને મળે છે આ ફાંટાને નદીનું મુખ કહે છે. આ મુખના પ્રદેશને ડેલ્ટા કહે છે.

નદીઓ સમુદ્રને ઘણી ઉપયોગી છે, વળી તેને લીધે સૃષ્ટિની શોભા અને દેખાવ ઘણોજ આલ્હાદ કારક અને મનોરંજક લાગે છે. સૃષ્ટિને નિરૂપયોગી પાણી હોય છે તે તે સમુદ્રમાં ઘસડી જાય છે, જુદા જુદા દેશોમાં તેને લીધે ઠંડક મળે છે, અને વેપારનુ તે એક ઉત્તમ સાધન છે. જે પ્રદેશમાં થઇને તે વહે છ તે દેશમાં અનેક તરેહનો પાક થાય છ. પૂર્વે જે મોટાં મોટાં રાજ્યોનો ઉદય થયો છ તે સર્વે નદીને કાંઠે હતાં. આ ઉપરથી નદીઓ મનુષ્યના સુખ અને સગવડને માટે કેટલી ઉપયોગી અને જરૂરની છે તે સહજ જણાશે.

સરોવર.

પાણીનો મોટો ભાગ જે ચારે બાજુએ જમીનથી વીટળાએલો હોય તેને સરોવર કહે છે. સરોવર ચાર જાતનાં હોય છે.

૧ જે સરોવરમાંથી પાણી બહાર જતું નથી અને જેમાં પાણી બહારથી આવતું નથી તે પહેલા વર્ગનું સરોવર છે.

૨ જે સરોવરમાંથી પાણીનો પ્રવાહ બહાર જાય છે પણ જેમાં બહારથી પાણી અંદર આવતું નથી તે બીજા વર્ગનું સરોવર કહેવાય છે.

૩ જેમાંથી પાણી બહાર જાય છે અને બહારથી અંદર આવે છે ત ત્રીજા વર્ગનું છે.

૪ જેમાં બહારથી પાણી આવે છે પણ અંદરથી બહાર જતું નથી તે ચોથા વર્ગનું છે.

પહેલા વર્ગનું સરોવર જ્વાળામુખીને લીધે થએલું હોય છે. બીજા પ્રકારના સરોવરમાં અંદર ઝરા હોય છે. ત્રીજા પ્રકારનાં સરોવર નદીનાં તળીઆં પહોળાં થઈને થએલાં હોય છે. અને ચોથા પ્રકારનાં સરોવરમાંથી પાણી સમુદ્રમાં જતું હોય છે એવું વિદ્વાન લોકોનું માનવું છે.

સરોવરના બે પ્રકાર છે. ૧ મીઠા પાણીનું ૨ ખારા પાણીનું સામાન્ય એવો નિયમ છે કે જે સરોવરમાંથી પ્રવાહ બહાર ગએલો હોય છે તે મીઠા પાણીનું અને બીજાં ખારા પાણીનાં હોય છે.

વાતાવરણ.

પૃથ્વીની આશપાસ દરેક બાજુએ જે પાતળા અને હલકા વાયુનું પડ વીંટાએલું છે તેને વાતાવરણ કહે છે. તે પૃથ્વીથી ૫૦ માઇલ સુધી પ્રસરેલું છે. તે પૃથ્વીથી જેમ જેમ ઉંચુ ચઢતું જાય છે તેમ તેમ પાતળુ બનતું જાય છે. આ વાતાવરણના ૧૦૦ ભાગમાં ૭૫.૫ નૈટ્રોજન ૨૩.૩ ઓકસીજન ૧.૩ વરાળ અને ૧ કારબોનિક એસીડ ગેસ છે.

વાતાવરણ સૃષ્ટિનાં મહત્વનાં કાર્યોમાં ઉપયોગી થઈ પડે છે. તેનામાં સૂર્યનાં કિરણ પરાવર્તન કરવાની શક્તિ છે, તેથી પ્રકાશ ચારે બાજુએ પ્રસરે છે. અને જે ઠેકાણે સૂર્ય પ્રત્યક્ષ પ્રકાશતો નથી

તે ઠેકાણે પણ તે પરાવર્તનથી પ્રકાશ પાડે છે સૂર્ય અસ્ત થતા એકદમ અંધારૂં થવું જોઇએ તે નથી થતું તેનું કારણ પણ એજ છે કે, વાતાવરણ પોતાના ઉપરના ભાગમાં જે સૂર્યનાં કિરણો પડે છે તે પૃથ્વી તરફ પરાવર્તનથી ફેંકે છે વાતાવરણમાંથી પ્રાણીઓને અને વનસ્પતિને ઓકસીજન મળી જીવનું રક્ષણ થાય છે વાતાવરણ ધ્વનીનો વાહક છે તેથી અવાજ સંભળાય છે. અવાજ એક સેકન્ડમા ૧૧૫૨ ફુટ જાય છે સમુદ્રના પાણીમાથી વરાળ થઈ ઉપર જાય છે તે વાતાવરણ પોતામાં ધારણ કરે છે અને જુદે જુદે સ્થળે જઈને વરસાદ પડે છે

વાતાવરણમા વળી કિરણ વક્રીભૂત કરવાની શક્તિ છે આ કારણને લીધેજ સવારમાં સૂર્ય ક્ષિતિજની ઉપર આવતા પહેલાં અને સાંજે ક્ષિતિજની નીચે ગયા પછી કેટલોક વખત સુધી તે આપણી દૃષ્ટિએ પડે છે

પવન.

જે વાયુ ગતિ વિશિષ્ટ છે તેને પવન કહે છે. હવામાં ઉષ્ણતા કમી જાસ્તી થવીએ વાયુમાં ગતિ ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ છે. ઉષ્ણતાને લીધે વાયુ પ્રસરવા માંડે છે અને હલકો થાય છે: એટલે હવામાં ઘણી ઉષ્ણતા થાય છે, ત્યારે તે હલકી થાય છે. અને તેથી તેની જગ્યાએ પાસેના પ્રદેશની ભારે હવા આવવા માંડે છે, અને તથી પવન છુટે છે. આવા બનાવ વિષુવવૃત્તની પાસેના પ્રદેશમાં અને ધ્રુવવૃત પાસેના દેશોમાં હમેશાં બને છે. વિષુવવૃતની પાસેના દેશોમાં સૂર્યનાં કિરણો સીધાં પડે છે તેથી ત્યાંની હવા વધારે તપીને હલકી થાય છે અને ઉંચે ચઢે છે. તેથી તે જગ્યાએ ધ્રુવના પાસેના થંડા દેશોની ઠંડી ભારે હવા ધસી આવે છે. આ પ્રમાણે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પાસેથી વિષુવવૃત સુધી હમેશાં પવન વાય છે. આ

પવન વાવાની દિશા ઉત્તર દક્ષિણ અથવા દક્ષિણ ઉત્તર હોય છે. આ વાને લીધે વહાણો હંકારવામાં મદદ મળે છે, તેથી તેને વ્યાપારી વાયુ કહે છે. આ વાયુ વિષુવવૃતની અંન્ને બાજુએ સુમારે ૩૦ અક્ષાંસ લગી વાય છે.

દરિયા કિનારે રોજ બે પ્રકારનો નિયમિત વા વાય છે. દહાડે સૂર્યના તાપથી જેટલી જમીન તપે છે તેટલું દરિયાનું પાણી તપતું નથી. તેથી જમીન પરની હવા સમુદ્ર પરની હવા કરતાં તપીને વધારે પાતળીને હલકી થાય છે. આને લીધે બપોરના ત્રણથી રાતના દશ વાગતા સુધી સમુદ્રપરથી જમીન તરફ વા વાવા માંડે છે. પછી ગરમી સરખી થઈ જાય છે એટલે તે બંધ પડે છે. એ પવનને ખરો પવન કહે છે. રાતે જ્યારે જમીન છેક ઠંડી થઈ જાય છે ત્યારે દરિયાના પાણીમાં ગરમી રહે છે અને તે ગરમીને લીધે તે ઉપરની હવા વધારે હલકી બને છે, તેથી સવારમાં જમીન ભણીથી દરીઆ તરફ પવન વાય છે. તે બપોરના દશ વાગતા સુધી રહે છે.

હિંદુસ્તાન, ઈરાન, અરબસ્તાન અને ચીનમાં નિયમિત પવન વાય છે એને મોન્સુન કહે છે. સૂર્ય વિષુવવૃતની ઉત્તરે જઇ ઉનાળો બેસે છે, ત્યારે હિંદુસ્તાનમાં અતિશય તાપ પડી હવા તપવા માંડે છે. મે અને જુન મહીનામાં એ તપેલી હવાને ઉંચે ધકેલી તેની જગ્યાએ દક્ષિણ ભણીના સમુદ્ર પરની વરાળ વાળી હવા આવે છે. એ પ્રમાણે પાંચ છ મહીના લગી થયા કરે છે. એ પવન નૈરૂત્ય ભણીથી વાય છે. એમાંની વરાળ ટાઢી પડે છે એટલે વરસાદ વરસે છે.

ઉપર પવનના જે પ્રકાર કહ્યા, તે શિવાય પૃથ્વી ઉપર અનેક જાતના પવન એકા એક ઉત્પન્ન થાય છે. જેમકે વાવાઝોડું, આંધી, વંટોળીઓ વગેરે, આ બધા અનિયમિત પવન કહેવાય છે.

